R.M.36

શ્રી

કેસરી ચરિત્ર

ઇડરના પ્રાતઃસ્મરણીય કૈલાસ-
વાસી શ્રી મહારાજાધીરાજ શ્રી
સર કેસરીસિંહજી
કે. સી. એસ. આઈ.
ના રાજકારભારનો

ઇતિહાસ.

રચી છપાવી પ્રસિદ્ધકર્તા,

કાલીદાસ નીલકંઠ રાવલ.

(રાજભક્ત) ઇડર (નિવાસી)

કિંમત-પાકું પુંઠું રૂ. ૧ કાચું પુંઠું રૂ. ૦॥.

શ્રી

કેસરી ચરિત્ર.

પ્રાતઃસ્મરણીય ઇડરના કૈલાસવાસી શ્રી મહારાજા
ધીરાજ શ્રી સર કેસરીસિંહજી કે. સી.
એસ. આઈ. ના રાજકારભારનો

ઇતિહાસ.

દોહરો.

મુરતિ જાનો મનુષ્યકી, રખી નહિ રહંત;
કાલ કબુ લે જાયગો, કીરતિ રહે અનંત.

રચી છપાવી પ્રસિદ્ધકર્તા.

કાલીદાસ નીલકંઠ રાવલ.

(રાજભક્ત) ઇડર (નિવાસી)

સંવત ૧૯૮૩. પ્રત ૨૫૦૦. સને ૧૯૨૭

પાકું પુંઠું રૂ. ૧-૦-૦ કાચું પુંઠું ૦-૮-૦

અમદાવાદ

ધી ગુજરાત પ્રીન્ટીંગ પ્રેસમાં શા. સોમાલાલ મંગળદાસે
છાપ્યું, ઠે. પાંચકુવા, ચાર રસ્તા.

માહારાજાના સભા મંડપમાં
ટાંગેલા મુદ્રાલેખો.

પ્રજા પાલન મારૂં કર્ત્તવ્ય?
નીતિ મારી ભક્તિ?
દયા મારી શક્તિ?
સંતોષ મારૂં સુખ?
પ્રજા ઉન્નતિ મારૂં દ્રવ્ય?

કેસરીના મુદ્રાલેખ ઉપરથી ઉતારો.



મહારાજાશ્રીનું માનસિક દર્શન આ શ્લોકમાં–

जनस्यसाकेतनिवासिनस्तौद्वावप्य मुतामाभनन्ध सत्वौ ।
गुरुप्रदेयाधिक निस्पृहोऽर्थी नृपोऽर्थि कामादधिकप्रदश्च॥१॥

[रघुवंश.]

જન્મ સંવત ૧૯૧૮ ના જેઠ સુદી ૩.

કૈલાસવાસ સંવત ૧૯૫૭ ના ફાગણ સુદી ૨.

॥ कवित ॥

कोमलको काल बिकराल लंगरी चालवारो ।
तोर्यो[1] शिश सखीराको उथ्थल थपाटमें ॥
धाक सुन चांपला[2]की झापला न खुले[3] गाम ।
रे पापला[4] करायग्यो[5] गोरा[6]के गपाटमें ॥
मंगल[7] भनंत जंग जंगले[8] में मचातो भारी ।
माखरेके भेसें उंट चाव ग्यो चपाटमें ॥
रंगदेत[9] केसरी कमंधको फिरंगी लोक ।
जगी शेर मार लाये सहेलके सपाटमें[10] ॥

આ માહારાજાશ્રી વૈષ્ણવ ધર્મપરાયણ હતા. તે કદી અન્ય પ્રાણીયોનો શિકાર કરતા નહોતા. શેરના શિકારનો પોતાને શોખ હતો. એક ચાંપલા નામના શેરનો મહાભારી શિકાર કર્યો હતો. લગભગ આવા ૩૨ શેરનો શિકાર કરેલો હતો.

કોમલ અને સખીરા નામના પગી હતા. કોમલને તપાસ કરતાં શેરે માર્યો. આ સમાચાર તેના બાપ સખીરાને માલુમ થતાં તે શસ્ત્ર સજીને ગયો. તેને પણ એક થપ્પડ મારી મારી નાંખ્યો. આ સમાચાર માહારાજાશ્રીને રોશન થતાં પોતે સજ થઈ સાધનો સાથે ચાંપલાના શીકાર માટે પધાર્યા હતા અને શેરને મારૂ ત્યારે ઈડરમાં આવું એવી પ્રતિજ્ઞા લીધી હતી.

---

૧ કોમલ નામનો પગી હતો. ૨ કોમલનો બાપ. ૩ થપ્પડ મારવી. ૩ બીક. શેરનું નામ. ૬ ગામના ઝાંપા. ૭ ફાંશાં મારવાં. ૮ ઈંગ્રેજલોક. ૯ ડુંગરમાં. ૧૦ ઈંગ્રેજલોક.

અન્નદાતાને અર્પણ પત્રિકા !

ઈડર દેશની પ્રજા આપના મહાન ઉપકારોના ભારથી નિરંતર દબાએલી છે. આપનું જીવન ચરિત્ર તપ્ત કાંચન સમાન શુદ્ધ અને નિષ્કલંક છે. પા સદી થયાં પંચત્વને પ્રાપ્ત થયા છતાં આપ દેવરૂપ માલીકશ્રીના અસંખ્ય સદ્ગુણો તથા પ્રજાહિતવર્દ્ધક કાર્યોના સ્મરણો ઈડરની ભૂમિમાં અત્યારની ઘટિકા પર્યંત ચીર સ્મરણીય અને પ્રાત: સ્મરણીય છે.

ધર્મની, દયાની, પરોપકારની દીવ્ય પુષ્પમાળને સદા સર્વદા આપના પવિત્ર કંઠમાં ધારણ કરી લાખો નિરાધારોને સહાય કરતા હતા. વિદ્યા વૃદ્ધિના પવિત્ર કાર્યમાં ઘણોજ ઉમંગ પ્રદર્શીત કરી સદા સર્વદા વિદ્યાના રસિક વિદ્યાર્થીઓને સ્કૉલરશીપો આપી મદદ આપતા હતા. દયા દાન અને ક્ષમા ગુણથી પ્રજાને અધિક પ્રિય હતા. આપની પ્રાણપ્યારી પુત્રવત્ પ્રજાનું નિરંતર પાલન કરવામાં પુર્ણ

ઉત્સુક્તા ધરાવતા હતા. શ્રી કૃષ્ણ પરમાત્માના પરમ ભક્તરૂપે આપ શ્રી વિષ્ણુ પરમાત્માના કૃપા પાત્ર હતા.

આપના જીવન ચરિત્રનું આ લઘુ પુસ્તક હું આપ દેવરૂપ માલીકશ્રીને સ્વામિ પરમ ભક્તિમાં લીન થઇ અનેક શુભ આશિર્વાદ સહ સેવામાં અપર્ણ કરૂં છું. તો તેનો સત્કાર કરી આ અવનિમાં પોતાના રાજભક્તરૂપે રહી ગએલા દાસ જીવનને પણ પોતા પ્રતિ આ-કર્ષિ લેઇ શ્રી કૃષ્ણ પરમાત્માની ભક્તિમાં જેવા આપ યુક્ત હતા તેવી રીતે આ તુચ્છ જીવનને પણ જોડી દઇ દુઃખરૂપ સંસાર સાગરમાંથી તારી કૃત્ય કરશો. એજ મનો-વાંછના છે.

આપ દેવરૂપ માલીકશ્રીનો

રાજભક્ત સેવક,

કાલીદાસ નીલકંઠ રાવલ.

[ઇડર નિવાસી.]

મુંડીના નામદાર કૈલાસવાસી ઠાકોર સાહેબ

શ્રી શીવસિંહજી



જન્મ સંવત્ ૧૯૨૮ ના ચૈત્ર વદી ૦))
કૈલાસવાસ સંવત્ ૧૯૫૭ ના ચૈત્ર સુદી ૨.

પ્રસ્તાવના.

મહાન પુરૂષોના ઉત્તમ બોધદાયક જીવનચરિત્રોના વાંચનથી આપણું ચૈતન્ય સતેજ થાય છે; આપણી આશામાં જીવન આવે છે; આપણામાં નવું કૌવત હિંમત અને શ્રદ્ધા આવે છે; આપણામાં મહત્વાકાંક્ષા જાગે છે; આ પ્રમાણે જીવનચરિત્રોના સહવાસમાં રહેવું, જીવવું અને તેમાંના દાખલાઓ જોઈને સ્ફુરાયમાન થવું એ ઉત્તમ આત્માઓના સમાગમમાં આવવા બરાબર અને ઉત્તમ મંડળીમાં સહવાસ કર્યા બરાબર છે.

દોહરો.

મ્હોટા જનને મારગે, વહેવા ચાહો વીર;
ચરિત્ર વાંચી તેમનાં, ધારો ગુણ ગંભીર.

ચરિત્ર ઉત્તમ વાંચતાં, જીવન ઉત્તમ થાય;
ચરિત્ર ગ્રંથો ચાહથી એ અર્થે વંચાય.

ચરિત્રના ઇતિહાસથી બીજા પણ અનેક લાભો થાય છે: રાજ્યોની મૂળ ઉત્પત્તિ કેવી રીતે થાય; વૃદ્ધિ કેમ પામે છે, તેમનો લય શા કારણથી થાય છે; તે કારણો કેવી રીતે ઉદ્દભવે છે; સદાચરણનું ફળ શું છે; દુરાચરણનું પરિણામ શું આવે છે; અતિ લોભથી શી હાની થાય છે; સંકટમાંથી ચતુર મહાન પુરૂષો કેવી રીતે પાર પડે છે; સજ્જનોને કીર્તિની પ્રાપ્તિ શાથી થાય છે; દુર્જનોની કેવી દુર્દશા થાય છે. ગર્વિષ્ટનો અહંકાર ક્યાં સુધી ટકે છે; કાળચક્ર તળે રાવણ જેવા મહાન રાજાઓ ચગદાઇ ગયા; એવા અનેક વિચારો, દષ્ટાંતો, ચરિત્રના અભ્યાસથી અવલોકન કરવાથી આપણા મનમાં આવે છે; અને તેથી નમ્રતા, સહનશીલતા, ચાતુર્ય, ઇશ્વર ભક્તિની વાસના ઇત્યાદિ સર્વોત્કૃષ્ટ મહાન શુભ ગુણો

આપણે પ્રાપ્ત કરી શકીએ છીએ. આ સઘળાં કારણોથી ચરિત્ર ઇતિહાસનું જ્ઞાન કેટલું બધું અમૂલ્ય છે. તે આપણે જાણી શકીસે છીએ.

પ્રાતઃસ્મરણીય કૈલાસવાસી શ્રી મહારાજાશ્રી કેસરીસિંહજી કે. સી. એસ. આઈ જેઓ રણબંકા રાઠોડ, ક્ષત્રીય કુળ શિરોમણી, ધર્મ ચુડામણી, દેવ સ્વરૂપ, પ્રજા પાળક ગૌબ્રાહ્મણ પ્રતિપાળ અને પ્રજાપ્રિય હતા; જેમનું અમર નામ કોઈથી અજાણ્યું નથી. તેઓશ્રીનો કૈલાસવાસ સંવત ૧૯૫૭ ના ફાગણ સુદી ૨ બુધવાર તા. ૨૦ ફેબ્રુવારી સને ૧૯૦૧ ના રોજ થયો હતો. મારા પ્રતિપાળ યુવાન માલીકશ્રીના કૈલાસ વાસથી મને ઘણી દીલગીરી થઇ હતી. તે અરસામાં દીલગીરીના આવેશમાં કરૂણારસથી ભરેલું ' કેસરી વિરહ ' નામનું લઘુ પુસ્તક ઇડર ભૂમિની વફાદાર અને માયાળુ પ્રજાને માલીકશ્રીના સદ્‌ગુણો સંભાળી તેમનું સ્મરણ કરી દીલાસો લેવા તેજ સાલના વૈશાખ માસમાં છપાવી પ્રસિદ્ધ કરી ઇડરની સમગ્ર પ્રજાના હસ્તકમળમાં મુકયું હતું.

તેમનામાં ન્યાય કરતાં દયા અને ક્ષમા શીલતાની પ્રવૃત્તિ સ્પષ્ટ દેખાઇ આવતી હતી. ન્યાયની તુલાને તો તેઓશ્રી નીરંતર સમતોલ રાખતા હતા.

જે જે વિદેશીય મહાશયોએ શ્રી મહારાજાનાં દર્શન કર્યાં છે, તે તો દૃશ્ય અદૃશ્ય અનુભવે છે કે—મહારાજાશ્રી સરસ્વતિ ભૂષિત, નિર્ભિમાનતા વિનય, ક્ષમા, દયા, દાન અને ધર્મપરાયણતા આદિ ગુણોથી વિશિષ્ટ દર્શનિય, વંદનિય હતા. ગર્ભૈશ્વર્ય, લક્ષ્મી, યૌવન અને સત્તા સર્વ કોઇને સ્વવશ કરી લેછે. તદપિ મહારાજાશ્રી આગળ તો ઉક્તચાર પોતાનો સ્વભાવ ત્યજી, તેઓશ્રીની પ્રકૃતિ શરણ થઇ ગયાં હોય તેવું તેઓશ્રીની વિનયવાણી યુક્ત મુખમુદ્રા સુચવતી હતી.

સ્વર્ગસ્થ કવિ નીલકંઠ જીવતરામ



જન્મ-સંવત ૧૯૧૪ ના આસો સુદી ૧૫

મરણ-હીમતનગરની જેલમાં.

સંવત ૧૯૬૭ ના ફાગણ વદી ૦))

આવા એક મહાન દૈવિ વિભૂતિરૂપ નરેન્દ્રના જીવન ચરિત્રને પ્રસિદ્ધ કરવાનો મને સુયોગ પ્રાપ્ત થયો છે. તેથી હું સંપૂર્ણ ભાગ્યશાળી થયો છું.

મિષ્ટ ભજનાસા રસમાં જ ઉપદેશ રસ અસરકારક છે. સ્વાર્થ સાધનભૂત છે. પ્રયાસમાં મન-ઈચ્છા પરિપૂર્ણતાનું બંધારણ છે. આજકાલ કેટલાક સામ્પ્રત લેખકો પોતાના જ પુસ્તકની પોતેજ સ્તુતિ કરવા મંડી જાય છે. તે એટલે સુધી કે–' હજી સુધી ગુજરાતી ભાષામાં આવો એકે ગ્રંથ બહાર પડયો નથી.' આહા !!! આતે શું વિદ્વાનનું ભૂષણ? વાંચક વર્ગમાં તેનો અધિક પ્રસાર અને સપ્રેમ સ્વીકાર એજ પુસ્તકનું મહત્વ અને કર્ત્તાને ધન્યવાદ!

ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

વિક્રમ સંવત ૧૯૮૩.
નિર્જલા એકાદશી,
જયેષ્ઠ માસ.

કર્તા.

આ પુસ્તકના કર્તા:

કાલીદાસ નીલકંઠ રાવલ.



જન્મ સંવત ૧૯૩૨ ના આસો સુદી ૩ શનીવાર.

૧૩૫૮૯૧

ૐ શ્રી હરિ !

કેસરી ચરિત્ર.

પ્રાતઃ સ્મરણીયં,

કૈલાસવાસી ઈડર નરેન્દ્ર નામદાર શ્રી મહારાજા ધીરાજા શ્રી મહારાજાજી શ્રી સર કેસરીસિંહજી સાહેબ કે. સી. એસ. આઇનો જન્મ સંવત ૧૯૧૮ ના જેઠ સુદી ૩ ના રોજ થયો હતો નામદાર શ્રી મહારાજા શ્રી કેસરીસિંહજીની ઉમર ૭ વરસની હતી તે અરસામાં એટલે વિક્રમ સંવત ૧૯૨૫ ના પોસ સુદી ૧૨ તારીખ ૨૬ ડીસેંમ્બર સને ૧૮૬૯ ના રોજ નામદાર શ્રીના પીતાશ્રી જુવાનસિંહજી સાહેબનો ૩૮ વરસની ભર જુવાન વયે સ્વર્ગવાસ થવાથી આખા ઇડર સ્ટેટમાં તથા ગુજરાત, કાઠીઆવાડમાં અત્યંત શોક પ્રદર્શીત કરવામાં આવ્યો હતો, તથા નામદાર સરકારે પણ દીલગીરી દર્શાવી હતી. ઇસ્વીસન ૧૮૬૮ ની સાલમાં નામદાર શ્રી જુવાનસિંહજી સાહેબને “ સ્ટ્રાર ઓફ ઇન્ડીઆ ” નો માનવંતો ચાંદ બક્ષ્યો હતો, તથા નામદાર બ્રિટીસ સરકારે પોતાની કાયદા કરનારી મંડળી ” માં પ્રમુખપદ આપ્યું હતું. નામદાર શ્રી કેસરીસિંહજીની બાલ્યાવસ્થાને લીધે નામદાર બ્રિટીસ સરકારે રાજ્યની લગામ પોતાના હસ્તકમાં લીધી હતી અને એક નેટીવ આસીસ્ટંટ પોલીટીકલ એજંન્ટ રાજ-

બહાદુર એચ્છવરામજી મીઠારામની નીમણુંક કરી હતી, જેઓ રાજ્ય કારોબાર સંતોષકારક ચલાવતા હતા.

સને ૧૮૭૫ ની સાલમાં નામદારશ્રી મહારાણીજીશ્રી વીકટોરીયાના પાટવી કુંવર નામદાર શ્રી પ્રીન્સ ઓફ વેલ્સ સાહેબ હીંદુસ્તાનની મુલાકાતે પધાર્યા હતા. તે અરસામાં નામદાર શ્રી મહારાજા શ્રી કેસરીસિંહજી સાહેબ ઘણીજ ધામધુમ સાથે મુંબાઇ પધાર્યા હતા. અને ત્યાં નામદાર મહારાજાએ નામદાર શ્રી પ્રીન્સ ઓફ વેલ્સ સાહેબ તથા ગવરનર સાહેબની મુલાકાત લીધી હતી. અને નામદાર શ્રી કેસરીસિંહજીની ચપળતા, વીવેક નીરખીને નામદાર પ્રીન્સ ઓફ વેલ્સ સાહેબ તથા ગવરનર સાહેબ અત્યંત આનંદ પામ્યા હતા. સને ૧૮૭૬ ની સાલમાં નામદાર શ્રી મહારાજા શ્રી કેસરીસિંહજી સાહેબનું લગ્ન સલુંબરના રાવજીની કુંવરી સાથે થયું હતું. ઇડરથી રસાલાના સંખ્યાબંધ માણસો સહિત ઘણીજ ધામધુમ સાથે સલુંબર પધાર્યા હતા. લગ્નની સમાપ્તિ થયા બાદ નામદાર શ્રી મહારાજા સાહેબ ઉદેપુર પધાર્યા હતા. તે વખતે ઉદેપુરના શ્રી માહારાણાજી શ્રી સજ્જનસિંહજી સાહેબે મહારાજાશ્રીને સ્વારી સહિત ઘણીજ ધામધુમથી પોતાના નગરમાં લઇ ગયા હતા. અને નામદાર શ્રી મહારાજા સાહેબને ઘણુંજ માન આપ્યું હતું. થોડા દીવસ મુકામ રાખ્યા બાદ ઉદેપુરથી ગોરધન વિલાસ તથા રીખવદેવજી પધાર્યા હતા. ત્યાંથી ખેરવાડે પધાર્યા હતા. ખેરવાડાના મહેરબાન પોલીટીકલ સુપ્રીન્ટેન્ડેન્ટ સાહેબ તરફથી

નામદાર શ્રી મહારાજા સાહેબને ઘણુંજ માન આપ્યું હતું. આ પ્રમાણે નામદાર શ્રી મહારાજા સાહેબ મુકામ કરતા કરતા પાયતખ્ત ઇડરમાં નીર્વીઘ્ન પધાર્યા હતા. તે વખતે પોતાની વફાદાર પ્રજાએ ઘણોજ આનંદ પ્રદર્શીત કર્યો હતો.

વળી એજ વર્ષની તા. ૨૩ અગષ્ટના રોજ સતું-બર લગ્ન કરી આવેલ જુવાન રાણી સાહેબનો સ્વર્ગ-વાસ થયો હતો તે દીવસે નામદાર શ્રી મહારાજા સાહેબે તથા પોતાના નીમકહલાલ નોકરોએ તથા પોતાની વફાદાર પ્રજાએ અનહદ શોક પ્રદર્શીત કર્યો હતો.

સને ૧૮૭૭ ના વર્ષમાં નામદાર શ્રી મહારાણી શ્રી વીકટોરીઆએ "કૈસરે હિંદ"નું શુભ પદ ધારણ કીધું, તે વખતે ઘણા રાજાઓને પોતાના તરફથી વાવટા બક્ષવામાં આવ્યા હતા. નામદાર મહારાજા સાહેબને એક વાવટો બક્ષવા મહીકાંઠાના મહેરબાન પોલીટીકલ એજન્ટ કર્નલ લીજીટ સાહેબને ફરમાન થવાથી તા. ૧ લી જાનેવારી સને ૧૮૭૮ ના રોજ મહીકાંઠાના મહેરબાન પોલીટીકલ કર્નલ લીજીટ સાહેબે ઇડર પધારી ઘણાજ ઉત્સાહ સહીત વાવટો નામદાર શ્રી માહારાજા સાહેબને આપ્યો હતો, અને મહેરબાન કર્નલ લીજીટ સાહેબે ભાષણમાં એમ સુચવ્યું હતું કે સદરી વાવટો નામદાર શ્રી મહારાણી વિકટોરીઆ આપને પોતાના પૂર્ણ પ્યારની નિશાની દાખલ આપે છે, માટે સદરી વાવટાનો શુભ અવસરે સારો ઉપયોગ કરશો. ઉપરનું ભાષણ સમાપ્ત થયા બાદ નામદાર શ્રી મહારાજા સાહેબે

એક છટાંદાર ભાષણ કે મહેરબાન પોલીટીકલ એજંટ સાહેબને સંતોષ આપ્યો હતો.

સને ૧૮૭૮ ની સાલમાં નામદાર શ્રી માહારાજા સાહેબ 'રાજકોટ રાજકુમાર કોલેજ' માં વિદ્યાભ્યાસ માટે પધાર્યા હતા. અને પોતાનો અભ્યાસ ટુંક સમયમાં ઘણીજ ચાલાકીથી પાર પાડયો હતો. અને પોતાના વિદ્યાગુરૂ પ્રોફેસર મેકનાટન સાહેબના હાથ નીચે રહી ઘણીજ ચાલાકીથી વિદ્વતામાં પ્રવીણ થયા હતા. નામદાર શ્રી મહારાજા સાહેબને ઇંગ્રેજીનો ઘણોજ શોખ હતો. પોતાની પ્રજાના બાલકોને સ્કોલરશીપો આપી વિદ્યાભ્યાસ માટે મોકલતા હતા. અને જે પરીક્ષામાં પસાર થઇ આવે તેમને યોગ્ય જગ્યાઓ આપતા હતા. નામદાર શ્રી માહારાજા શ્રી કેસરીસિંહજી રાજ્યની કુલ સત્તા લેવા જેવા લાયક અને રાજ્યનીતિમાં પ્રવીણ થએલા જાણીને નામદાર બ્રીટીશ સરકારની ફરમાશથી તા. ૭ જુલાઈ સને ૧૮૮૨ ના શુભ દીવસે મહીકાંઠાના મહેરબાન પોલીટીકલ એજન્ટ વુડ હાઉસ સાહેબે ઇડરમાં એક ભવ્ય દરબાર ભરી રાજ્યની કુલ સત્તા નામદાર મહારાજા સાહેબને સોંપી હતી. મહેરબાન પોલીટીકલ એજન્ટ સાહેબે ઇંગ્રેજીમાં ભાષણ કરી નામદાર શ્રી મહારાજા સાહેબની વિદ્વતા, પ્રવીણતા આદિ સર્વ ગુણોની પ્રશંસા કરી હતી. તેના જવાબમાં નામદાર શ્રી મહારાજા સાહેબે ઇંગ્રેજીમાં છટાદાર ભાષણ કરી યોગ્યતા પૂર્વક જવાબ વાળ્યો હતો. આ શુભ દીવસે ઇડરની સમગ્ર પ્રજાએ ઘણોજ આનંદ

પ્રદર્શીત કર્યો હતો. સને ૧૮૮૩ ની સાલમાં ઇડરમાં આવતા મેમાનોની મુલાકાત લેવા માટે એક નવું મકાન સુધરાવ્યું હતું. તે મકાન ખુલ્લું મુકવાની શુભ ક્રીયા નામદાર શ્રી માહારાજા સાહેબના હાથે થઇ હતી. એ બંગલાનું નામ "શ્રી જુવાનનિવાસ" રાખવામાં આવ્યું હતું. આ પ્રસંગ ઉપર ઘણીજ ધામધુમ કરવામાં આવી હતી. તે વખતે સ્ટેટ ઇજનીયર મી. સોરાબજી મહેતાને તથા બીજા કારીગરોને યોગ્ય બક્ષીસો આપી હતી.

સને ૧૮૮૪ ની સાલમાં મુબાઇના નામદાર ગવરનર સાહેબ જેમ્સ ફરગ્યુસન સાહેબ ગુજરાતની મુસાફરીએ પધાર્યા હતા. તે અરસામાં નામદાર ગવરનર સાહેબ ઇડર પધાર્યા હતા. આ શુભ પ્રસંગે નામદાર ગવરનર સાહેબના પધારવાથી ઇડરને વાવટા તોરણોથી શણગારી મનોહર બનાવી દીપાયમાન કર્યું હતું. નામદાર મહારાજા સાહેબે નામદાર ગવરનર સાહેબની તા. ૨૧ જાનેવારીના રોજ "શ્રી જુવાનનિવાસ"વાળા બંગલામાં મુલાકાત લીધી હતી. નામદાર ગવરનર સાહેબે માહારાજા સાહેબની ભારે પ્રશંસા કરી હતી. આ શુભ પ્રસંગ ઉપર ઇડરની આસપાસના ગામોમાંથી અસંખ્યાત માણસો જોવાને આવ્યાં હતાં, અને સર્વજનો નામદાર મહારાજા સાહેબનો તથા નામદાર ગવરનર સાહેબનો જય ઇચ્છતાં હતાં.

ઇડર સ્ટેટમાં બાળકીઓને કેળવણી આપવાનું વિશેષ સાધન નહી હોવાથી તેમજ નામદાર શ્રી માહા-

રાજા સાહેબનાં માતુશ્રી ઝાલીજી સાહેબ જેઓ સ્ત્રી કેળવણી વધારવા માટે ઇચ્છા ધરાવતાં હતાં. તેઓશ્રીની ઇચ્છા એક સુંદર શાળા પોતાના ખર્ચથી બંધાવવાની થએલી. નામદાર શ્રી મહારાજા સાહેબે શુભકાર્ય જાણીને તે નવી શાળાનો **ભૂમીસ્થંભ** (પાયો) નાંખવા માટે મહીકાંઠાના મહેરબાન પોલીટીકલ એજંટ સ્કોટ સાહેબને આંમંત્રણ કરવાથી તેઓ સાહેબ મીસીસ સ્કોટ સાહેબ સાથે ઇડર પધાર્યા હતા. તા. ૧૯ જાનેવારી સને ૧૮૮૭ ના શુભ દીવસે ઘણીજ ધામધુમ સહીત તે નવા મકાનનો પાયો મીસીસ સ્કોટ સાહેબના કલ્યાણકારી હાથથી નખાએલો. કેળવણીના શુભકાર્યમાં પૂર્ણ ઉત્સાહી તે વખતના દીવાન સાહેબ મી. નાથાભાઇ દાજીભાઇએ નામદાર શ્રી મહારાજા સાહેબની આજ્ઞાનુસાર તેજ વર્ષનો જુન મહીનો બેસતાં પહેલાં તાકીદે નવું મકાન તૈયાર કરાવ્યું. અને તે નવું મકાન તા. ૧૭ માહે જુન સને ૧૮૮૭ ના શુભ દીવસે ઘણાજ મહોત્સવ સહીત મીસીસ સ્કૉટ સાહેબના માયાળુ અને શોભાયમાન હાથથી અને તે શાળાનું નામ "શ્રી જીજીબા કન્યાશાળા" મુકરર કર્યું. આ શુભ પ્રસંગ ઉપર ઘણીજ ધામધુમ થઇ હતી અને ઇજનીયર મી. સોરાબજી મહેતાને તથા બીજા કારીગરોને ભરાએલ દરબાર વચ્ચે યોગ્ય ઇનામ આપ્યાં હતાં.

સને ૧૮૮૭ના વર્ષમાં નામદાર માહારાણી શ્રી વીકટોરીઆને રાજ્ય કરતાં ૫૦ વરસ થવાથી તેની ખુશા

લીમાં તા ૧૫–૧૬ ફેબ્રુવારીના બંને શુભ દીવસે " ગોલ્ડન જ્યુબીલી " નો નામદાર માહારાજા સાહેબે આનંદકારી મહોત્સવ પાળ્યો હતો. શહેરને વાવટા તોરણો રોસનીથી શણગારી મનોહર બનાવ્યું હતું. એક ભવ્ય દરબાર ભરી બાળક, બાળકીઓને પારીતોષીક. મીઠાઈ વેંચી મગ્ન કર્યા હતાં. સદરી જ્યુબીલીના વર્ષમાં નામદાર માહારાજા સાહેબને બ્રિટીસ સરકારે " નાઈટ કમાન્ડર ઓફ ધી મોસ્ટ એગ્ઝોલ્ટેડ ઓરડર ઓફધી સ્ટાર ઑફ ઈન્ડીઆ " નો માનવંતો ચાંદ બક્ષ્યો હતો. સદરી ચાંદ બક્ષવાની. ક્રીયા મુંબાઈના નામદાર ગવરનર લોર્ડરે સાહેબે અમદાવાદમાં એક ભવ્ય દરબાર ભરી કરી હતી. ઉપરનો ચાંદ બક્ષવાના શુભ અવસર ઉપર ઘણા મહારાજાઓ, રાજાઓ, રાણાઓ, ઠાકોરો, સદગૃહસ્થો, આમંત્રણથી અમદાવાદ પધાર્યા હતા. નામદાર શ્રી માહારાજા સાહેબ શ્રી કેસરીસિંહજી સાહેબ તા ૧૩ ડીસેમ્બર સને ૧૮૮૭ના રોજ રીસાલા સહિત સ્પેસીઅલ ટ્રેનમાં અમદાવાદ પધાર્યા હતા. તે વખતે નામદાર શ્રી માહારાજા સાહેબને સ્ટેસન ઉપર બેન્ડ તથા ગેરીસન સહીત પંદર તોપની સલામી આપવામાં આવી હતી. તથા અમદાવાદના જાણીતા શેઠ શાહુકારોએ ફુલના હાર સહિત ઘણુંજ માન આપ્યું હતું. તા ૧૬ મીના શુભ દિવસે એક ભવ્ય દરબાર માહારાજા, ઠાકોરો, શેઠ, સાહુકારો, સહિત ભરી નામદાર ગવરનર સાહેબે ઇંગ્રેજી છટાદાર ભાષણ આપ્યા બાદ ઉપરનો સ્ટાર નામદાર શ્રી માહારાજા સાહેબને બક્ષ્યો હતો. નામદાર માહારાજા

સાહેબે ઇંગ્રેજીમાં છટાદાર ભાષણ કરી સર્વનો આભાર માન્યો હતો. નજરાણાં અતર પાન સાથે દરબાર બરખાસ્ત થઈ હતી. ઉપરનો શુભ દિવસ નીર્વીઘ્ન પસાર થઈ જવાથી નામદાર શ્રી માહારાજા સાહેબ ઈડર પધાર્યા, તે વખતે પોતાની પ્રાણપ્યારી પ્રજાએ ફુલોથી વધાવી લીધા હતા. અને તે દીવસે નામદાર શ્રી માહારાજા સાહેબના નીમકહલાલ નોકરોએ તથા પોતાની વફાદાર પ્રજાએ ઘણોજ આનંદ પ્રદર્શીત કર્યો હતો.

સને ૧૮૯૭ ના વર્ષમાં નામદાર માહારાણી શ્રી વિકટોરીઆને રાજ્ય કરતાં ૬૦ વરસ પુરાં થવાથી તેની ખુશાલીમાં તા—૨૦—૨૧ જુનના બંને દીવસે "ડાયમંડ જ્યુબીલી" નો મોહોત્સવ નામદાર શ્રી મહારાજા સાહેબે પાળ્યો હતો. મહીકાંઠાના મહેરબાન પોલીટીકલ એજંટ સાહેબ ઈડર પધાર્યા હતા. ઈડરને વાવટા, રોસની, તોરણોથી મનોહર બનાવી દીધું હતું. બાળક બાળકીઓને પારીતોષીક. મીઠાઈ વહેંચી મગ્ન કર્યા હતાં. પોતાના સ્ટેટના ભાયાતો, સરદારો, પધાર્યા હતા. અને તા—૨૦—૨૧ ના બંને શુભ દીવસે સર્વે ભાયાતો ઠાકોરો સહિત દરબાર ભરી નામદાર માહારાજા સાહેબે ભાષણ કરી નામદાર માહારાણીનો જય ઈચ્છિયો હતો. પાન અત્તર થયા બાદ દરબાર વિસરજન થયો હતો. સાંજના વખતે આતશબાજી (દારૂખાનુ) ફોડવામાં આવી હતી. આ માંગ્લીક દીવસ સર્વ પ્રજાએ પાળ્યો હતો.

તા ૩૦ સપટેમ્બર સંને ૧૮૯૭ સંવત ૧૯૫૩ ના આસો સુદી ૪ ના રોજ નામદાર શ્રી માહારાજા

સાહેબનાં માહારાણીજી શ્રી ચહુઆણુજી સાહેબે એક રાજકુવરીનો જન્મ આપ્યો હતો. નામદાર માહારાજા સાહેબને આ પ્રથમ સંતાન થએલું હોવાથી રાજકુમારના જન્મ જેટલીજ ધામધુમ થઈ હતી. આ ઠેકાણે જોઈએ તેટલા શબ્દો વર્ણન કરવાને જડી આવતા નથી. આ પ્રથમ સંતાન થએલું જાણી સમગ્ર પ્રજાએ ઘણોજ આનંદ પ્રદર્શીત કર્યો હતો.

ઈડર દવાખાનામાં દરદીઓને રાખવાનું વિશેષ મકાન નહિ હોવાથી નામદાર શ્રી માહારાજા સાહેબની એવી ઈચ્છા થઈ કે દરદીઓના કલ્યાણને માટે એક વૉર્ડ બંધાવવો. નામદાર મહારાજા સાહેબ તે વખતના મહીકાંઠાના મહેરબાન પોલીટીકલ એજન્ટ ફેરીસ સાહેબ તરફ પ્રીતિભાવ બતાવતા હતા. મહેરબાન ફેરીસ સાહેબના નામ ઉપરથી "ફેરીસ વૉર્ડ" બંધાવવાની ઇચ્છા થએલી હોવાથી નામદાર પોલીટીકલ એજંટ કર્નલ ફેરીસ સાહેબને આમંત્રણ મોકલાવી ઈડર તેડાવી તેઓ સાહેબના હાથે ભૂમી સ્થંભ ઘણીજ ધામધુમ સહિત નંખાવેલો તે વૉર્ડ તૈયાર થએથી તા. ૧૨ જુન સને ૧૮૯૬ ના શુભ દીવસે નામદાર મહેરબાન ફેરીસ સાહેબના કલ્યાણકારી હાથથી એક ભવ્ય દરબાર વચ્ચે થયો. દરદીઓના કલ્યાણ માટે [૧]તથા તેમનાં દુઃખો નિવારણ કરવા માટે ઘણીજ સારી સગવડો કરી હતી. અને સદરી વૉર્ડમાં દરદીઓને રાખી તેઓની યોગ્ય માવજત કરવા ઘણીજ સારી

૧ ખુલ્લો મુકયો.

ગોઠવણો કરી હતી. એ વખતે ચીફ મેડીકલ ઓફીસર ડાક્ટર પ્રાણજીવન જગજીવનદાસ મહેતા એમ. ડી. હતા.

નામદાર માહારાજા સાહેબે દેશમાં કેળવણી વધારવા ઘણોજ પ્રયાસ કર્યો હતો. ઇંગ્રેજી કેળવણીમા વિશેષ જ્ઞાન વધારવાનું સાધન નહોતું. એ વાત પોતાના અંતઃકરણમાં ઠસેલી હોવાથી પોતાના વિદ્યાગુરૂ પ્રોફેસર મેકનાકટન સાહેબ જ્યારે ઇડર પધાર્યા તે વખતે નામદાર શ્રી માહારાજા સાહેબે ઇચ્છ્યું કે મારા વિદ્યાગુરૂની સંભાળ અને કેળવણી નીચે મેં વિદ્યાભ્યાસ કર્યો છે, અને તેઓ સાહેબે મારી તરફ જે પ્રીતિભાવ બતાવેલો છે તેનો બદલો કાંઇ એવું ઉત્તમ કામ કરીને આપવો કે જેથી તેઓની સદા યાદગીરી હંમેશને માટે કાયમ રહે. અને તેઓની આ મારા શહેરની મુલાકાતના સંભારણા દાખલ 'મેકનાકટન હાઇસ્કુલ' નો ભૂમિસ્થંભ પોતાના વિદ્યાગુરૂના હાથે ઘણીજ ધામધુમ સાથે નંખાવેલો. થોડા વરસ તે મકાન બનાવવાને ઢીલ થઇ. પરંતુ કેળવણીના શુભ કાર્યમાં પૂર્ણ ઉત્સાહી તે વખતના માજી દીવાન. રાવબહાદુર કેશવલાલ હીરાલાલે નામદાર શ્રી માહારાજા સાહેબની આજ્ઞાનુસાર છપ્પના જેવા મહાન કાળની ગુચવણ ભરેલી સાલમાં દેશોદયની વૃદ્ધિ કરનાર જાણી પુરૂ કરાવેલું. તે ખુલ્લું મુકવાની શુભ ક્રિયા કરવા મહીકાંઠાના મહેરબાન પોલીટીકલ એજન્ટ કર્નલ ફેરીસ સાહેબને આમંત્રણ કરવાથી તેઓ સાહેબ મીસીસ ફેરીસ સાહેબ સાથે ઇડર પધાર્યા હતા. અને તા. ૨૬ માહે જાનેવારી સને ૧૯૦૦ ના

શુભ દીવસે સદરી હાઇસ્કુલ ઘણુજ મહોત્સવ સહીત મીસીસ ફેરીસ સાહેબના માયાળુ, શોભાયમાન, અને કલ્યાણકારી હાથથી ઓપન[1] થઈ હતી. બીજી ગુજરાતી સ્કુલો પણ એજ વરસમાં આઠ નવી ખોલવામાં આવી હતી. ગઇ સાલમાં પણ આઠ નવીન સ્કુલો ખોલવામાં આવી હતી. નામદાર શ્રી માહારાજા સાહેબે કેળવણીના શુભ કાર્યમાં ઘણોજ પ્રયાસ કર્યો હતો. વળી એજ વરસમાં 'ગૌશાળા' 'ગાડીખાંનુ' દીવાનજી માટે રહેવાના મકાનની સવડ બરાબર ન હોવાથી બીજુ નવું સુશોભીત મકાન બનાવરાવી ખુલ્લાં મુક્યાં હતાં. તા. ૨૮ સપટેમ્બર સને ૧૯૦૦ સંવત ૧૯૫૬ ના આસો સુદી ૫ ના દીવસે નામદાર માહારાજા સાહેબનાં માતુશ્રી શ્રી ઝાલીજી બાસાહેબ (ધ્રાંગધ્રાવાળા) દેવલોક થવાથી નામદાર માહારાજા સાહેબે તથા પોતાની વફાદાર પ્રાણપ્યારી પ્રજાએ તથા નીમકહલાલ નોકરોએ ઘણોજ શોક પ્રદર્શીત કર્યો હતો.

નામદાર મહારાજા કેસરીસિંહજી સાહેબે શહેરના વચ્ચે 'ત્રીપોલીઆ' (ક્લૉક-ટાવર) બંધાવી તેની અંદર 'વુડ હાઉસ' લાયબ્રેરી સાર્વજનિક સ્થાપન કરી હતી. વળી તાલુકાઓમાં એટલે બાયડ, વડાલી, અમનગર, ભીલોડા ગામે પ્રજાના સુખાર્થે દવાખાનાં બંધાવ્યાં હતાં. છપ્પનાની સાલમાં મહાન ભયંકર દુષ્કાળ પડવાથી તળ ઇડરમાં તથા તાલુકાઓમાં

1. ખુલ્લી મુકી.

ઘણેજ ઠેકાણે 'પુઅર હાઉસ' 'રીલીફ કેમ્પો' ઉઘાડી પોતાની વહાલી પુત્રવત્ પ્રજાને કાળના મુખમાંથી બચાવી હતી. ઘણાંજ જળાશયો, રાહદારી રસ્તાઓ સુધરાવી પ્રજાને ઘણાજ લાભ આપ્યા હતા. કીલ્લા ઉપર વજરમાતાનું સ્થાન, ખેડગામે અંબાજીમાતાનું સ્થાન, કલનાથનું સ્થાન, મહાકાળેસ્વરનું સ્થાન, ચોરીવાડ ગામે ચંપેસ્વર મહાદેવનું સ્થાન, ભવનેશ્વર સાંમલાજી વીગરે દેવસ્થાનની જગ્યાઓ સુધરાવી હતી. શહેરમાં 'કેસરબાગ' બનાવ્યો હતો. નામદાર કૈ. માહારાજા સાહેબે મુંબઇની 'એલેકઝાંડાસ્કુલ' સાદરા સ્કોટ કોલેજ ઓફ રાજકુમાર' 'હિમાભાઇ ઈન્સ્ટીટયુટ' 'બડોલી વેદ પાઠશાળા' વીગેરે અનેક ખાતાઓને મોટી બક્ષીસો આપી હતી. આ સિવાય પણ નામદાર કૈ. માહારાજા સાહેબે ઘણાં ખાતાંઓને યોગ્ય બક્ષીસો આપી હતી. ઘણાં ખરાં જાહેર તથા ખાનગી ફંડોમાં યોગ્ય રકમો ભરીને સારો ભાગ લીધો હતો. ગ્રંથકારોને ઘણી સારી મદદો આપી સંતોષ્યા હતા.

વાઘના શીકારની ચાપલ્યતા. ગામના નજીકના ડુંગરોમાં તથા આજુબાજુના ડુંગરોમાં વાઘ કુતરાંની માફક ફરતા હતા. તેમને શોધી કઢાવી ટીંબરવા જાતના વાઘને પોતે નહીં મારતાં પોતાના પાસે રહેનારા મહેરબાન ચીફ કમાન્ડીંગ નાહારસીંહજી સાહેબને હુકમ આપતાં તેઓ મારતા અને મોટા પટાયત

કેસરી વાઘનો શીકાર પોતે કરતા હતા. ડુંગરમાં વાઘ છે એવી ખબર મલી કે ગમે તેવું કામ હોય તે પડતું મુકીને શીકારની તૈયારી કરતા જ્યાં વાઘ હોય ત્યાં માણસો ભેગા કરી હોકારા કરાવી વાઘને ગુફામાંથી અથવા ઝાડીમાંથી બહાર કઢાવતા, અને શીકાર પોતે કરતા હતા. ગામના આજુબાજુના ડુંગરો ખાલી થયા પછી આસપાસના પ્રાણીઓમાં મોટા પટાયત વાઘ જુલમ વરસાવતા તેમનો શીકાર કરવા પોતે પધારતા આ કામ ઉપર પગી લોકો નોકર હતા. તેઓ વાઘનો પગ દેખે કે તેના પગલે પગલે જઇ વાઘને શોધી કાઢી શ્રી હજુર સાહેબને ખબર મોકલતા. અઘોર ઝાડીમાં કામ ચલાઉ રસ્તા બનાવવામાં આવતા, ઝાડ ઉપર માળો બાંધવામાં આવતો હતો, તે ઉપર બીરાજમાન થઇ વાઘનો શીકાર કરતા હતા. મહારાજાએ બંદુક છોડી તેની ગોળી નીશાન ચુકતી નહીં. કોઇ વખતે ગોળી વાગ્યા છતાં વાઘ ગાયલ થઇ નાસતાં બીજો ફેર કરી તેને ઠાર કરતા. ઘણા વખત યુરોપીયન સરદારો શીકાર અર્થે આવતા હતા. તેઓને સાથે લેઈ જઇ શીકાર કરાવતા હતા. વાઘને મારવાની ચાલાકીથી યુરોપીઅન સરદારો છક્ક થઇ જતા. શીકાર વખતે લશ્કરી માણસો સાથે રહેતાં હતાં, પણ ગોળી તો પોતે વાઘને મારે. બીજાને ભડાકો કરવાનો હુકમ ન હોતો. કોઇ વાર નવ ફુટ પુછડા સુધાંત મોટા વાઘનો શીકાર કરતા હતા. વાઘનો શીકાર કરવો એ મહારાજશ્રીને રમત જેવું હતું. પોતાની જીંદગીમાં નાના મોટા થઇ

૨૦૦ વાઘનો શીકાર કરવામાં આવ્યો હશે. વાઘના શીકાર વખતે મહારાજાનું ક્ષત્રી પ્રાબલ્ય પ્રકાશીત થતું હતું. અત્રે ઘણાક યુરોપીઅન સરદારો શીકાર અર્થે આવેલા, તેઓ મહારાજાશ્રીને ધન્યવાદ આપતા હતા. અને મહારાજા સાથે વીશેષ ગાઢ મીત્રતા રાખવા આગ્રહ દર્શાવતા હતા. સાથેના ગેરીસન તથા રીસાલાના માણસને કોઇપણ વખત ઇજા કે મરણ થયું હોય એવું જણાયું નથી કદાચ કોઇ શીકારમાં ઘાયલ થઇ મરે તો તેના કુટુંબનું પોષણ કરતા હતા.

કૈલાસવાસી મહારાજા શ્રી કેસરીસિંહજીની ૧૮ વરસની રાજકારકીર્દીમાં સાત દીવાનો થઇ ગયા. રા. બા. હરીદાસ વીહારીદાસ. રા. બા. નાથાભાઇ હાજીભાઇ, રા. બા. સવાઇલાલ ગોવિંદરામ, રા. બા. ચુનીલાલ સારાભાઇ, રા. બા. લાલજીભાઇ પુરૂષોતમરાય, રા. બા. કેશવલાલ હીરાલાલ, રા. બા. કલ્યાણરાય જેઠાભાઇ બક્ષી. નાયબ દીવાન. (સેશનજજ)માં રણછોડભાઇ ઉદયરામ, હીરાલાલ અનોપરામ, ગીરધરલાલ હીરાભાઇ, કલ્યાણરાય લક્ષ્મીશંકર રેવન્યુ ખાતામાં પ્રાણજીવનદાસ પ્રભુદાસ. ડાહ્યાભાઇ નાથાભાઇ. મોહનલાલ ગુલાબરામ, પોલીસ ખાતામાં સુપ્રીટે ક્રુમાર શીવસિંહજી, સાબલવાડ ઠાકોર મુલસીહજી. તથા અમદાવાદના પો. સુ. મી. એ સાહેબ; માજીસ્ટ્રેટ ખાતામાં નગીનદાસ પુરૂસોતમદાસ સંઘવી, છેલશંકરભાઇ. લશ્કરી ખાતામાં ચીફ કમાન્ડીંગ સાબલવાડ ઠાકોર નાહારસિંહજી. મેડીકલ ખાતામાં ચીફ મેડીકલ ઓફીસર પ્રાણજીવનદાસ મહેતા. બી. બી.

વોરા. ડાકટર ગંભીરસીંહજી, કેળવણી ખાતામાં જાનમહંમદ હુસેનભાઇ, હરગોવનદાસ શીવશંકર. ઇજનેર ખાતામાં સોરાબજી શાપુરજી મહેતા. બેન્ડ ખાતામાં બેન્ડ માસ્તર મી. લોબો હીંદી ભાષામાં કવિ મંગળજી ગુજરાતીમાં કવિ નીલકંઠ જીવતરામ, આવા સજહંસ જેવા, રાજા પ્રજાનું હિત ચાહનાર ગર્ભ શ્રીમંત ખાનદાન અમલદારોની ગોઠવણી હોય ત્યાં પ્રજા સર્વ વાતે આબાદ અને સુખી હોય તેમાં નવાઇ શી ? સાંજના દરરોજ પાંચથી છ વાગ્યા સુધી અરજદારોની અરજી દાદ ફરીયાદ સાંભળવાનો અને તાકીદે સાચો અમલ કરવાનો હુકમ બહાર પાડયો હતો.

રાજકોટ રાજકુમાર વિદ્યાલયના માજી મુખ્ય અધ્યાપક મી. ચેસ્ટર મેકનાકટન એમ. એ. એમણે વીશેષ અભ્યાસ કરેલા પોતાના રાજવંશી વિદ્યાર્થીઓની સમક્ષ તેમના સુધારાને અર્થે ઇંગ્રેજીમાં ભાષણો કરેલાં છે. આ સંગ્રહ ઘણોજ ઉપયોગી હોવાથી તેનું ભાષાંત્તર કોઇ રાજવંશી કરે તો ઉત્તમ એમ સમજી રા. બા. હરીદાસ વીહારીદાસે અધ્યાપક સાહેબના અનુમતથી મહારાજાશ્રી કેસરીસીંહજીને પ્રાર્થના કરી હતી. પુર્વે તે ઇડરના દીવાન હોવાથી માહારાજાશ્રીની શક્તિ વીષે જાણીતા હતા. તેમજ રાજકુમાર પાઠશાળામાં માહારાજાશ્રીએ પણ સારો અભ્યાસ કર્યો હતો; અને ગુરૂ શીષ્યમાં અરસપરસ સારી પ્રીતિ ઉત્પન્ન થઈ હતી. આથી પોતાના ગુરૂનાં ઇંગ્રેજી ૧૩ ભાષણોનો ગુજરાતીમાં

તરજુમો કરી 'વ્યવહારપયોગી વચન' એવું પુસ્તકનું નામ રાખી સંવત ૧૯૪૮ સને ૧૮૯૧ ની સાલમાં છપાવી પ્રસીદ્ધ કરાવ્યું હતું. રાજવંશીઓનાં કલ્યાણને ઉદ્દેશી આપેલાં ભાષણોનું ભાષાંત્તર એક રાજવંશી માહારાજા ઉત્સાહથી કરે એવા આ વર્ત્તમાન સૃષ્ટિમાં એમના જેવા માહારાજા જવલેજ મળી આવશે. આવા દાખલાથી આપણને આપણો પોતાનો ભુતકાળનો સમય સ્મરણમાં આવે છે. આગળ થઇ ગયેલા નૃપતિઓ વિદ્વાન હતા. વિદ્વાનોનો સમાગમ રાખતા, ધર્મનિષ્ટ હતા. પ્રજાનું કલ્યાણ ચાહનારા હતા. જગત વિખ્યાત મનુ મહારાજાએ 'મનુ સ્મૃતિ' રચી છે. ભર્તુહરિએ 'શંગાર શતક' 'નિતિ શતક', 'વૈરાગ્ય શતક' રચ્યાં છે. રામદાસ ભૂપતિએ સેતુબંધ ઉપર કાવ્ય ટીકા રચી છે. લાઠીના મરહુમ ઠાકોર સુરસિંહજીએ 'કલાપિનો કેકારવ' નામનું પુસ્તક રચ્યું છે. રાજકોટના ઠાકોર સાહેબે 'પ્રવીણ સાગર' નામનો ગ્રંથ રચ્યો છે. આવા દાખલા જોવા જઇએ તો ઘણા મળી આવે તેમ છે. જે રાજવંશીઓ અભ્યાસ કરીને યોગ્ય થયા પછી પોતાની પ્રાણપ્યારી પુત્રવત્ પ્રજા ઉપર રાજ ચલાવવાના હોય છે. તેમના ઉપર કેટલું જોખમ સમાએલું છે, તે વીષે 'વ્યવહારપયોગી વચન' નામના પુસ્તકમાં લખવામાં આવ્યું છે, એ પુસ્તકની કદર થઇ છે અને તેનો બહોળો ફેલાવો થયો છે, એથી એ પુસ્તકનું મહત્વ અને કર્ત્તાને ધન્યવાદ!

વ્યવહારપયોગી વચનમાંથી 'કાલ' નામના ભાષણમાં ઉપયોગી પ્રશ્ન મુકયો છે. તે વાંચકો નીચામાં લેશે.

સવાર		હોરા
પ્રશ્ન-આજ મારે સારૂ શું કરવું જોઇએ.	૫	વાગે ઉઠવું, ન્હાવું, ધોવું અને
	૬	પછી પરમેશ્વરની પ્રાર્થના કરવી.
	૭	દીવસમાં શું કરવું તેની યોજના કરવી, અને તે દીવસનો કરેલો નિશ્ચય પેશ લેઇ જવો. ચાલતો અભ્યાસ પ્રારંભવો.
	૮	ફરવું
	૯	અને
	૧૦	કામ
	૧૧	કરવું.
બપોરે	૧૨	જમવું, વાંચવું, ખરચનો હીસાબ તપાસવો અને જમતી વખતે
	૧	દરરોજ પુરાણી હરીશંકર પાસે શ્રીમદ ભાગવતનો ૧ અધ્યાય શ્રવણ કરતા.
બપોર પછી	૨	
	૩	કામ કરવું.
	૪	
	૫	
સાંજરે.	૬	ચીજે પોતપોતાના સ્થાનકે મુકવી-વાળું કરવું-ગાયન કરવું
આજ મેં સારૂં શું કર્યું છે ?	૭	અથવા ગમ્મત કરવી અથવા વાગવિનોદ કરવો. દીવસ કેવી
	૮	રીતે ગાળ્યો તેનો પોતાને હીસાબ આપવો.
	૯	
રાત્રે.	૧૦	
	૧૧	ઊંઘવું.
	૧૨	
	૧	
	૨	
	૩	
	૪	

વળી 'માર્કસ ઓરેલીયસના સુવીચારો' એ નામનું પુસ્તક ગુજરાતી ભાષાંતર રૂપે ,બહાર પાડેલું છે. સાક્ષર શ્રી નગીનદાસ પુરૂષોતમદાસ સંઘવીના ઉપોદઘાત સમાન સંસ્કૃત ને તત્વજ્ઞાનના સુભાષિત સાથે છે. આ બંને પુસ્તકોની ઘણી સારી કીર્તિ ફેલાઇ રહી છે. આ બંને પુસ્તકોની હીંદના મહાન વિદ્વાનોએ ઘણીજ તારીફ કરેલી છે. તેનો હીંદમાં બહોળો ફેલાવો થઇ રહ્યા છે એજ પુસ્તકની અમર કીર્ત્તિ છે.

નામદાર કૈ. માહારાજા શ્રી કેસરીસિંહજી પોતાના રાજમાં વિદ્યાર્થીઓને ઉંચી સ્કોલરશીપો આપીને શીક્ષણ અર્થે બહાર મોકલતા હતા. અને વિદ્યામાં–કળામાં લાયક થવાથી તેમને યોગ્ય જગ્યાઓ બક્ષાવતા હતા. પોતાનો દૃઢ વિચાર એવો હતો કે મારી સ્ટેટની પ્રજાને ઉંચી કેળવણી આપીને જેવા લાયક થાય તેવી જગ્યાઓ આપવી. આથી મારી પુત્રવત પ્રજા સુખી, સંપત્તિવાન, ઉદ્યોગી બને. ઇડરના યાદવ લક્ષ્મણસિંહજી વર્મા, બડોલીવાળા ચતુર્ભુજ માણુકેશ્વર ભટ, કુકડીયાવાળા વલ્લભરામ આદીતરામ, ઇડરના ચુનીલાલ પુંજીરામ મણીઆર તથા બીજા સ્કોલરોને સ્કોલરશીપો આપી ઉંચી કેળવણી આપી હતી. અને લાયક થએ યોગ્ય જગ્યાઓ આપી હતી. જે ચતુર્ભુજે ઇડર સ્ટેટના જુડીશીઅલ સેક્રેટરી, સેશન્સ જજના ઉંચા હોદ્દા ભોગવ્યા હતા. તથા માણુસા સ્ટેટના દીવાન, દાંતા સ્ટેટના દીવાનની જગ્યા ભોગવવાને વિજયવંત થયા છે. વળી તેઓએ હાઇકોર્ટ પ્લીડરની સનંદ મેળવેલી છે. તેમણે 'શુરવીર રામ-

સિંહ,' 'પદમકુમારી,' 'શ્રી ગીતા,' 'રત્ન ગ્રંથી,' 'સુવર્ણ કુમારી,' 'બાળગીત' વીગેરે પુસ્તક છપાવી પ્રસિદ્ધ કર્યા છે. એ પુસ્તક વાંચવાને વિચારવા લાયક છે. વાંચકો તે પુસ્તકો મંગાવી તેનું અવલોકન જરૂર કરશે. એ પુસ્તકો હીંદમાં લોકપ્રિય થઇ પડયાં છે, અને મોટા મોટા વિદ્વાનોએ સારા અભીપ્રાય દર્શાવી પુસ્તકોની તારીફ કરેલી છે.

મી. ચુનીલાલ પુજીરામ માણીયારે આ સ્ટેટમાં સારા હોદ્દાની જગ્યાઓ ભોગવી હતી, અને સાઠંબા તાલુકાના દીવાનની જગ્યા ભોગવી હતી. મી. લક્ષ્મણુસિંહ વરવાજી યાદવ માહારાજાશ્રીના પ્રીતિપાત્ર હતા. તેઓ મોટા મોટા વિદ્વાનો સાથે વિદ્યાની હરીફાઇમાં ઊતરતા હતા. અને વિદ્યાના બળથી વિદ્વાનો તેમની વિદ્યાની ચાલાકીથી છક થઇ જતા હતા. તેમણે 'સ્રષ્ટી સૌંદર્ય' તથા 'ઘેલી કુસુમ અને સરસવતિ ચંદ્રનો ગૃહસ્થાશ્રમ' એ નામનાં પુસ્તકો છપાવીને બહાર પાડયાં હતાં. 'સૃષ્ટિ સૌંદર્ય' નામના પુસ્તકમાં નામદાર માહારાજા સાહેબના ગુણાવિંદની એક ગરબી પ્રસિદ્ધ કરેલી છે. તે વાંચવાલાયક હોવાથી આ પુસ્તકના છેલ્લા ભાગમાં આપવામાં આવી છે. કવી નીલકંઠ જીવતરામે પોતાના 'કાવ્ય કમલાકર' પુસ્તકમાં અન્નદાતાને આશીર્વાદ એ નામની કવિતા છપાવી પોતાની રાજપ્રત્યેની વફાદારી અદા કરી હતી. 'અન્નદાતાને આશિરવાદ' વાળી કવિતા આ પુસ્તકના છેલ્લા ભાગમાં પ્રસિદ્ધ કરવામાં આવી

છે. ઇડરના યુવક શાહ વર્ધમાનદાસ સરૂપચંદ સંવત ૧૯૫૪ ની સાલમાં 'તત્વ જ્ઞાન પ્રકાશ' નામનું પુસ્તક છપાવી પ્રસીદ્ધ કરી બહાર પાડયું હતું, તે પુસ્તક મહારાજાશ્રીને અવલોકન અર્થે સેવામાં રજુ કર્યું ત્યારે પોતે ઘણા આનંદીત મુખે લેખકનો સત્કાર કર્યો હતો. અને ધન્યવાદ આપ્યો હતો અને લેખકને આગળ વધવા માટે પોતાના તરફથી જે મદદ જોઇએ તે આપવા ફરમાવ્યા હતા.

કૈ. મહારાજાશ્રી કેસરીસિંહજીએ પોતાના દેશની પ્રજાને વેપારમાં આબાદ અને સુખી બનાવવા શામળાજી અને ખેડબ્રહ્મા એ બે ગામે મેળા ભરવા માટે દુકાનો સુધરાવી હતી અને વેપારને ઉત્તેજન આપ્યું હતું. મેળો પંદર દીવસ સુધી રહેતો હતો. મેળામાં દેશના અને પરદેશના વેપારીઓ વેપાર અર્થે આવતા હતા. કોઇને કોઇ તરેહની તકલીફ પડતી નહોતી. લાખો રૂપીઆનો ધમધોકાર વેપાર ચાલતો હતો. વેપારમાં પ્રજા દીનપ્રતિદીન આબાદ થતી નીહાળીને મહારાજા હંમેશાં પ્રસન્ન રહેતા હતા.

નામદાર કૈ. મહારાજાશ્રી કેસરીસિંહજી વૈષ્ણુવ ધર્મમાં ચુસ્ત હતા. કદી પણ માદક પદાર્થો (દારૂનું) નું સેવન કરતા નહોતા. દારૂ તરફ પોતાનો સંપૂર્ણ ધીક્કાર હતો. દરેક માસની એકાદશી, અમાવાસ્યા તથા બીજા ધાર્મિક તહેવારોના દિવસે કસાઇની દુકાન બંધ રાખવાનો સખત હુકમ બહાર પાડયો

હતો. નીરપરાધી પ્રાણીઓનો શીકાર પોતાના રાજ્યમાં નહિ કરવાનો સખત હુકમ બહાર પાડયો હતો.

પોતાના રાજમાં ગવૈયા, તરગાળા, નગારચી જે નોકરી બજાવતા હતા. તેમને ધાર્મિક નાટકોનું જ્ઞાન આપવા અને પોતાની વહાલી પ્રજાને ધર્મમાં આગળ વધારવાના હેતુથી એક નાટકશાળાનું સ્ટેજ બંધાવ્યું હતું. અને સાક્ષર શ્રી નગીનદાસ પુરૂષોતમદાસ સંઘવીને નાટક તૈયાર કરવાનું ફરમાન થયું હતું. તેથી તેમણે 'રૂક્મણી હરણ' નામનું નાટક તૈયાર કર્યું. તે નાટક નામદાર માહારાજાશ્રીના તથા પ્રજા સમક્ષ ભજવવામાં આવ્યું હતું. નાટકની ઉત્તમતા નિહાળીને સાક્ષર શ્રી નગીનદાસભાઇને પારીતોષીક આપી તેમની કદર બુજી હતી. પોતાનો વિચાર પાકુ થીએટર બંધાવવાનો હતો. પણ થોડા વખત પછી કૈલાસવાસ થવાથી તે કામ બંધ રહ્યું હતું.

મારી વહાલી પ્રજાના સુખ દુઃખનો આધાર મારા શીર ઉપર રહેલો છે. મારી પ્રજા સર્વ વાતે સુખી થાય એવો મારો ધર્મ છે અને તે મારે બજાવવો જોઈએ એવી પોતાની દૃઢ પ્રતિજ્ઞા હતી. સારા સહવાસમાં રહેવાથી સારા ગુણો પુષ્ટિ પામીને વધતા જાય છે. નઠારી સંગતિનું પરીણામ એ છે કે સારા ગુણો દબાઇ જઇ જનસમાજમાં આગળ જાય છે. આથી પરીણામે પોતાને અને પોતાના સંબંધમાં આવતા સર્વને ભારે હાની થાય છે. માટે સારા નરસાનો

વિચાર કરી સારી સંગતિ રહેવા માટે પોતાની આસ-પાસ સારા સંસ્કારી માણસોનો જમાવ કરવો એ પ્રત્યેક રાજકર્ત્તાને અગત્યનું છે. નીતિથી ચાલનારા રાજાથી સ્વાર્થી હજુરીઆઓને લાભ મળતો નથી, આવું પોતાના મનમાં ઠસેલું હોવાથી રાજ્યના અધી-કારીઓ સાથે કામ કરવાના પ્રસંગમાં હજુરીઆઓની હાજરીની જરૂર નથી એમ જાણી તેમનાથી હંમેશ દુર રહેતા હતા.

નામદાર કે. મહારાજા શ્રી કેસરીસિંહજી સાહેબે પોતાનાં મા સાહેબને પુષ્કરરાજ, ગોકુલ, મથુરાં, વૃંદા-વન, પ્રયાગ, કાશી, સિદ્ધપુર, શ્રીનાથજી વગેરે સ્થળોની યાત્રાઓ કરાવીને માતા પુત્રનો વાત્સલ્ય પ્રેમ બતાવી આપ્યો હતો. વળી પોતે પણ પોતાનાં માતુશ્રી તથા જનાનખાનાનાં રાજલોક સહીત શ્રીનાથદ્વારાએ રીસાલા સહીત યાત્રાએ પધાર્યા હતા, અને અથાગ પુન્ય પ્રાપ્ત કર્યું હતું. નામદાર મહારાજા સાહેબનાં માતુશ્રી શ્રી ઝાલીજી સાહેબે એક ' માહા મંદીર ' નામનું વૈષ્નવ મંદીર રૂ. ૨૫૦૦૦ ખરચીને બંધાવ્યું હતું. તે મંદી-રમાં સંવત ૧૯૩૭ ના જેઠ વદી ૧૦ મંગળવારના શુભ દીવસે શ્રી શ્યામસુંદીર ભગવાનની મૂર્તિની પ્રતીષ્ઠા પધરાવી અથાગ પુન્ય મેળવ્યું હતું. તે મંદીરના નીભાવ માટે ગઢોડા તથા રેંડા ગામ કૃષ્ણાર્પણ આપ્યાં હતાં. માહારાજા શ્રી જુવાનસિંહજીના દેવલોક થયા પછી જમીના વખતમાં સ્વામિનારાણનું મહાન મંદીર રૂ. ૫૦૦૦૦ ખરચી બંધાવ્યું હતું. અને તેમાં ગોપીનાથ

ભગવાનની મૂર્ત્તિની પ્રતિષ્ટા કરાવી તે સંવત ૧૯૨૮ ના જેઠ સુદી ૧૧ ના દીવસે ખુલ્લું મુકયું હતું. તેના નીભાવ માટે એક લાલોડા નામનું ગામ શ્રી કૃષ્ણાર્પણ કર્યું હતું. આ મંદીર ઇડરમાં પ્રખ્યાત છે. આ મંદીરની બાંધણી ઘણી સરસ અને જોવા લાયક હોવાથી હીંદુસ્તાનમાંથી અત્રે આવતા મુસાફરો તેનો ફોટો પાડીને લેઇ જાય છે, અને બાંધનાર કારીગર લોકોની તારીફ કરે છે. માજી દીવાન રા. બા. રાવજી કૃષ્ણાજીની વખતમાં સંવત ૧૯૪૪ ની સાલમાં ભૂજવાળા શ્રી જાડેજી સાહેબે (જે માહારાજાશ્રીનાં ઓરમાન મા સાહેબ હતાં) પણ રૂ. ૧૫૦૦૦ ખરચીને એક રાધાકૃષ્ણનું મદીર બંધાવીને તેમાં રાધાકૃષ્ણની મૂર્ત્તિની પ્રતિષ્ટા કરાવીને ખુલ્લું મુકયું હતું. તે મંદીરના નિભાવ માટે એક ગામ નામે ભૂજપુરા કૃષ્ણાર્પણ કર્યું હતું. બીજાં કેટલાંક જીર્ણ દેવાલયોનો જીર્ણોદ્દાર કરાવ્યો હતો. આખા સ્ટેટમાં જ્યાં જ્યાં દેવ મંદીરો હોય ત્યાં દીવો ધુપ કરવા માટે સાધુ બાવાઓને વષાશન બાંધી આપ્યાં હતાં. નામદાર માહારાજા શ્રી કેસરીસિંહજીની કીર્ત્તી સાંભળીને હીંદુસ્તાનમાંથી અનેક બાવાઓની જમાતો, વિદ્વાનો, કવિઓ, ભાટ, ચારણો, સંગિત શાસ્રીઓ, હુન્નરબાજો, ખેલાડીઓ આવતા હતા. તેમની યોગ્ય કદર થતી હતી. તેમના વખતમાં શંકરસ્વામિ, વૈશ્નવ આચાર્યો, જૈન આચાર્યો, મહાન શાસ્રાર્થ કરનારા પંડીતો, દલપતરામભાઇ જેવા કવીઓ, ગટ્ટુલાલજી દેવકીનંદન જેવા આચાર્યો પધારતા હતા.

તેમનો સારો સત્કાર થતો. સભાઓ ભરાતી હતી. નામદાર કૈ. મહારાજા સાહેબનો રાજ અમલ જોઇને એમજ કહેતા હતા કે ' આપનું રાજ્ય રામ રાજ્ય જેવું હોય એમ અમો પ્રતક્ષ્ય નિહાળીએ છીએ. '

કૈ. મહારાજા શ્રી કેસરીસિંહજી સાહેબ પોતાના ભાયતો, સરદારો, ઠાકોરો, સેસાણુદારો, ધમાદા મંદીરોના ગામ ખાનારા આચાર્યો તરફ પોતાનો સદભાવ હંમેશાં હસમુખા પ્રેમથી બતાવતા હતા તેમના વખતમાં શ્રાવણીયાની ત્રીજ તથા દશેરાની બે મોટી સવારીઓ ઘણીજ ધામધુમ સાથે નીકળતી હતી. દશેરાની સવારીમાં સેસાંણુદારથી માંડીને તે છેક ઠાકોરો, સરદારો સુદ્ધાંને પોતાના મોભા પ્રમાણે આવવાના હુકમ નીકળતા હતા. તેથી સરદારો ઠાકોરો પોતાના નીશાન ડંકા સાથે ઇડર પધારતા હતા. સવારીમાં રાજનું તમામ જવાહીર દીપી નીકળતું હતું. સવારી નિહાળવા આખા સ્ટેટમાંથી અસંખ્યાત માણસો આવતા હતા. દશેરાની સવારી નીહાળવા હીંદુસ્તાનમાંથી પણ ઘણા લોકો આવતા હતા. અને સ્વારીનો ઠાઠ દેખીને ચકીત થતા હતા. સ્વારીનું લંબાણ એક માઇલ સુધી લંબાતું હતું. ચોગાનીયો છોડવામાં આવતો હતો. દસેરાના બીજે દીવસે બીજી સ્વારી નીકળતી હતી. તે દીવસે સેસાંણુદારથી માંડીને સરદાર સુધીના ઘોડાઓ તપાસવાની તથા દોડાવવાની ચાલાકી નીહાળી પછી પોતાના બોડીગાર્ડ, કેવલરી, માઊંટેડ પોલીસ તથા સરદારોના સ્વારોની ઘોડદોડ નીહાળતા હતા. પછી પલટણનું લડા-

યકે કામ નીહાળી મશાલ થયા પછી સ્વારી સહીત દરબારગઢમાં પધારતા હતા. સ્વારીમાં હાકુખાનું ફોડ વામાં આવતું હતું. આ બંને દીવસે ઇડરનગર આનંદમાં ઉભરાઇ જતું હતું. આસો સુદી એકમથી તે પુર્ણમા સુધી ગરબાની આખા શહેરમાં ભારે ધામધુમ થતી હતી. રાજમાં પણ દર સાલ ગરબા માંડવામાં આવતા હતા. ગરબાના સમયમાં સારા ગરબી ગાનારાઓને બોલાવવામાં આવતા હતા. કેટલાક મહારાજા સાહેબની કીર્તિ સાંભળીને આવતા હતા, રાજની તમામ દાવ ડીઓ તથા નગારચણો ગરબામાં સામેલ થતી. સંગીતના જ્ઞાન સાથે તાલ સુર સાથે ગરબીઓ એવી સરસ ગાવામાં આવતી કે મહારાજા સાંભળીને પ્રસન્ન થતા હતા. ગરબા જોવા પ્રજાને છુટ હોવાથી તમામ પ્રજા પોતાના ગરબા વેળાસર આટપીને દરબારી ગરબા નીહાળવા આવતી હતી. હીંદુસ્તાનમાંથી પણ ઘણા લોકો ગરબા જોવા આવતા હતા. અને ગરબાનું સંગીત સાંભળી પ્રસન્ન થતા હતા.

નામદાર કે. મહારાજાએ પોતાના નિવાસસ્થાન પાસે એક વૈશ્નવ મંદીર બંધાવી તેમાં દ્વારકાંદીશ ભગવાનની મૂર્તિની પ્રતિષ્ઠા કરાવી પધરાવ્યા હતા. વિદ્વાન બ્રાહ્મણો પાસે દેવસેવા કરાવતા હતા. પોતે પણ તેમાં ભાગ લેતા હતા. નામદાર માહારાજા પ્રાત:કાળના ચાર વાગે નીંદ્રામાંથી જાગૃત થતા હતા. દંત ધાવન થઇ રહ્યા પછી મંગળાનાં દર્શન કરવા દરબારગઢમાં બંધાવેલા મંદીરમાં પધારતા હતા. દર્શન કર્યા પછી ઝીલાવવાને (સ્નાન કરવાને) પધારતા. પછી પુજામાં પધારતા.

રાજભોગના દર્શનના કાર્યની સમાપ્તી કર્યા પછી નવીન બ્રાહ્મણને ગૌદાન આપી કામધેનુંની પુજા કરી કપડાં પહેરાવવા તોશાખાંનામાં પધારતા હતા. પછી ફરવા જતા પહેલાં જનાનખાનામાં પધારતા હતા. પોતાનાં વ્હાલાં મા સાહેબને પગે લાગી બહાર ફરવા જવાની આજ્ઞા માગતા. મા સાહેબની શુભ આશિષ લેઇ જનાનખાનામાંથી બહાર પધારી પોતાની કુળદેવી નાગનેચી માતાના દર્શન કરી ત્યાંથી ખોખાનાથ માહાદેવ પધારી દર્શન કરી દરબારગઢના ચોગાનમાં પધારી તમામ કારખાનાની અલબેલ સાંભળી પછી બગીચામાં બીરાજી ફરવા પધારતા હતા. સ્વામીનારાયણ, રાધાકૃષ્ણ, માહામંદીર, અંબાજી વીગેરે મંદીરોએ દર્શન કરવા પધારતા હતા. પછી નીશાળ, ઇસ્પીતાલ વીગેરે એક બે કારખાનાની વીજીટ લેઇ દસ વાગે દરબારગઢમાં પધારતા હતા. અગીઆરથી બાર સુધીમાં રાજભોગ આરોગીને પછી ખાંનગીમાં બીરાજતા હતા. ત્યાં ભાગવતનો એક અધ્યાય પુરાંણી પાસેથી શ્રવણ કરાવતા હતા. પાસે સરદારો, ઠાકોરો, મોટા મંદીરના આચાર્ય પીતાંબરદાસજી, મંગળજી કવી, વીગેરે બીરાજતા હતા. વાર્તા પ્રસંગ થઇ રહ્યા પછી બે કલાક આરામ લેવા પધારતા હતા, ત્રણ વાગ્યાથી ચાર સુધીમાં વર્તમાનપત્ર વંચાવતા હતા. ચાર વાગ્યા પછી દરબારગઢવાળા મંદીરમાં ઉત્થાપનનાં દર્શન માટે પધારતા. દર્શન કર્યા પછી જી[illegible]વીને સેવામાં પધારતા હતા. ૭ વાગે સેનનાં દર્શનના કાર્યને અટપીને દર-

બારગઢમાં પધારી પોશાક પધરાવી જનાનખાનામાં જઇ મા સાહેબની ફરવા જવાની આજ્ઞા મેળવી ફરવા પધારતા હતા. રાત્રે આઠ વાગે ફરીને દરબારગઢમાં પધારતા હતા. એક કલાક દીવાનજી સાથે રાજની તમામ ખબર અંતર પુછીને નવથી દશ વાગતામાં થાળ આરોગી નીંદ્રા લેવા માટે પોતાના શયનગૃહમાં પધારતા હતા. આવી રીતનો પોતાનો હમેશનો નીયમ હતો.

નામદાર કે. માહારાજા શ્રી કેસરીસિંહજીને સાત માહારાણી હતાં. સલુંબર (ઉદેપુરનું) મોહનપુર. ઓસીયા (જોધપુરનું) ધ્રાંગધ્રા, મુડેટી, સાબલવાડ. જનોડ (ઠાસરા જીલ્લામાં) લગ્ન થયાં હતાં. સલુંબર અને મુડેટી રાજ વંશી રીત પ્રમાણે જાન લેઇને લગ્ન કરવા પધાર્યા હતા. અને બાકીનાં લગ્ન ખાંડુ મોકલી અત્રે બગીચામાં ઘણીજ ધામધુમ સાથે થયાં હતાં. નામદાર મહારાજા શુભ સસ્કારી હોવાથી રાજમાતાઓ પણ માહાસતિ જેવાં ધર્મ ચુસ્ત હતાં, દેવ ભક્તીમાંજ પોતાનો સમય ગુજારતાં, હતાં. ગાય, બ્રાહ્મણ બાવા, અતિત, ફકીર, અપંગ નીરાધારોને આશ્રય આપતાં હતાં, સદાવૃતો બાંધી આપ્યાં હતાં. પાસે દાવડીઓ પણ વૃદ્ધ અને સંસ્કારી રહેતી હતી. મુડેટીવાળાં શ્રી મહારાણીજી શ્રી ચહુઆણુજી સાહેબ શુભ સંસ્કારી હોવાથી પોતે નામદાર માહારાજાના કૈલાસવાસ પછી સંવત ૧૯૫૮ ની સાલમાં 'શ્રી વૈષ્નવ ડાહીબા કૃતિ' નામનું પુસ્તક પ્રસિદ્ધ કરી છપાવી બહાર પાડી પોતાના વ્હાલા

ાણુનાથને અર્પણુ કર્યું હતું. અને છેવટે તે પુસ્તકમાં ાતાના બંધુ શ્રી શીવસિંહજીના] કૈલાસવાસથી હૃદય-કનની કવિતા રચી પ્રસિદ્ધ કરી હતી. પુસ્તક વાંચવા ાયક છે. એ પુસ્તકમાંથી થોડી કવિતા આ પુસ્તકના ાછલા ભાગમાં આપેલી છે.

કૈ. નામદાર માહારાજાશ્રી કેસરીસિંહજીની હયા-ીમાં મહારાણીજી શ્રી ચહુઆણુજીએ બે કુમારીનો ન્મ આપ્યો હતો. તેમાં બીજાં કુમારી બાલ્યાવ-યામાં કૈલાસવાસી થયાં હતાં. અને પહેલાં કુમારી ંદકુવરબા મહારાજા સાહેબના કૈલાસવાસ પછી હ-ાત હતાં તેઓને લીમડીના પાટવી કુમાર દિગવિ-યસિંહજી સાહેબ સાથે નામદાર મહારાજાશ્રી પ્રતા-ાસંહજી સાહેબે ઘણીજ ધામધુમ સાથે લગ્ન કરી રણાવ્યાં.

મહારાજા સાહેબના કૈલાસવાસ પછી માહારાણી-ી શ્રી ચહુઆણુજી દેવિએ એક પાટવી રાજકુમારનો ન્મ આપ્યો હતો. કુમારશ્રીનું નામ કૃષ્ણુસિંહજી ાખવામાં આવ્યું હતું. નામદાર બ્રીટીશ સરકારે કુમા-શ્રી મોટા થાય ત્યાં સુધી મે. પોલીટીકલ એજન્ટની ાત્તા નીચે રાજવ્યવસ્થા ગોઠવી હતી. અને માજી ાવાન કલ્યાણુરાય જેઠાભાઇ બક્ષીની સંપૂર્ણુ દેખરેખ ાતી. માહારાજાશ્રી કૃષ્ણુસિંહજીના નામથી રાજકાર-ાાર ચાલતો હતો. ચાર મહીના પછી પ્રજાના દુર્ભા-યે કુમારશ્રીનો કૈલાસવાસ થયો. આથી પ્રજાની ઉમેદ ારબાદ થઇ ગઇ. તે પછી બાર માસ બ્રીટીશ સરકા-ની જપતી રહી હતી. ત્યાર પછી નામદાર બ્રીટીશ

સરકારે સંવત ૧૯૫૮ ના મહા સુદી ૫ ના દીવસે ઇડર રાજ્યની કુલ સત્તા અને લગામ બક્ષીસ તરીકે જોધપુરના નામદાર માહારાજાશ્રી પ્રતાપસિંહજી બહાદુરના સ્વાધીન કરી હતી.

નામદાર માહારાજાશ્રી કેસરીસિંહજીનો કૈલાસવાસ થયા પછી, મંગળજી કવિએ, તથા આ લેખકે તથા અમદાવાદના કવિ શીવલાલ ખુશાલભાઈ એ 'કેસરી વિરહ' નામનું પુસ્તક રચી છપાવી પ્રસિદ્ધ કરી પોતાની વફાદાર રાજભક્તી બતાવી હતી. તે પુસ્તકમાંથી એક એક કવિતા આ પુસ્તકના પાછલા ભાગમાં પ્રસિદ્ધ કરવામાં આવી છે.

બ્રીટીશ સરકાર પ્રત્યેની વફાદારી—

કૈ. નામદાર મહારાજાશ્રી કેસરીસિંહજીની રાજકારકીર્દીમાં જે જે પોલીટીકલ એજન્ટો થઇ ગયા છે, તે પોલીટીકલ એજન્ટની વાર્ષીક સ્વારી મહીકાંઠા એજન્સીમાં ફરવા નીકળે ત્યારે આ ઇડર સંસ્થાન ફર્સ્ટ કલાસ હોવાથી પ્રથમ ઇડર પોતાની કચેરી સાથે પધારતા હતા. મે. પોલીટીકલ એજન્ટ સાહેબનો મુકામ મોટી બાગ નામે ઓળખાતા બંગલામાં થતો હતો. નામદાર મે. પોલીટીકલ એજંટ સાહેબ જે તારીખે પધારવાના હોય તે દીવસે નામદાર કૈ. મહારાજા પોતાના દેશી રાજશાહી પોષાકમાં સ્વારિ સાથે સામા લેવા નાવલાવાડી સુધી ચાર અરબી ઘોડાની બગીમાં બીરાજી પધારતા હતા. નામદાર મે. પોલીટીકલ એજંટ સાહેબ પધારે ત્યારે લશ્કર સલામી આપતું

હતું. પરસપરસ હાથ મીલાવી ખુશખબર પુછતા. પછી ત્યાંથી મે. પો. એ. સાહેબ માહારાજા સાથે બગીચાવાળા બંગલામાં પધારતા હતા, તે વખતે ૧૧ તોપની સલામી આપવામાં આવતી હતી. નામદાર કે. માહારાજા નામદાર મે. પો. એ. સાહેબનું સ્વાગત કરી પછી દરબારગઢમાં પધારતા હતા. રાજરીત પ્રમાણે પોતાના મોંઘેરા મેમાનને પોતાના 'જુવાન નિવાસ' વાળા બંગલામાં મુલાકાત આપતા હતા. મુલાકાતવાળા બંગલામાં ઠાકોર–સરદારો રાજના અધીકારીઓ તથા મે. પો. એ. સાહેબની કચેરીના ઓફીસરો બીરાજતા હતા. મુલાકાત વખતે સવારી સલામી આપવા હાજર રહેતી હતી, જ્યારે મે. પો. એ. સાહેબ મુલાકાત આપવા પધારે ત્યારે નામદાર કે. માહારાજા સાહેબ પ્રસન્ન મુખે મુલાકાત લેઇ સલામી થઇ રહ્યા પછી બંગલામાં પધારતા હતા. ચાંદીના અને સોનાથી ભરેલા સિંહાસન ઉપર બીરાજતા હતા. પછી ગવૈયાનાં સંગીત તથા તાયફાનો નાચ નીહાળતા હતા. સંગીત સાંભળીને તથા નાચ નિહાળીને ખુશી થતા હતા. કચેરી ઈંદ્ર રાજાના દરબાર જેવી ભરાતી હોય એમ સર્વેને ભાસ થતો હતો. પાન સોપારી, ફુલના હાર, અતર વગેરેની ક્રીયા સમાપ્ત થયા પછી મે. પો. એ. સલામી લેઇ બગીચાવાળા બંગલામાં પધારતા હતા. નામદાર મે. પોલીટીકલ એજન્ટ સાહેબ પણ વળતી પોતાની મુલાકાતનું માન નામદાર કે. મહારાજા સાહેબને બગીચાવાળા બંગલામાં આપતા હતા. તે વખતે પણ

ના. કૈ. માહારાજા સાહેબને બ્રીટીશ રાજનીતિ પ્રમાણે માન આપતા હતા. વળી ઇંગ્રેજી નાતાલના તહેવારો-માં મે. પોલીટીકલ એજન્ટ સાહેબને તથા બીજા યુરોપીઅન સરદારોને પોતાના રાજની મહેમાનગીરી બતાવવા આમંત્રણ મોકલાવી તેડાવતા હતા. માહા-રાજાના અત્યાગ્રહથી પધારતા હતા. મોટા મોટા કેસરી વાઘનો શિકાર કરાવતા હતા. ઇંગ્રેજી નવા વરસની પહેલી તારીખે બગીચા પાસેના મેદાનમાં એક સમી-આનો ઉભો કરવામાં આવતો હતો. સમીયાનામાં ના. એજન્ટ સાહેબ નામદાર કૈ. મહારાજા સાહેબ તથા બીજા યુરોપીઅન મહેમાનો બીરાજતા હતા. અને તમામ લશ્કરની કવાયદ, ખાલી લડાઇના દેખાવો વીગેરે નિહાળી ખુશ ખુશ થતા હતા. પછી નામદાર શ્રી બ્રિટીશ સરકારનો જય ઇચ્છી ૩૧ તોપની સલામી આપવામાં આવતી હતી. પછી ફુલના હાર, અતર, પાન થયા બાદ દરબાર બરખાસ્ત થતો હતો.

નામદાર કૈ. માહારાજા સાહેબે જો કે પૂરી મેટ્રી-ક્યુલેશન સુધી કેળવણી લીધી નહોતી તો પણ એક લાંબા વખતના અનુભવી ગ્રેજ્યુએટની માફક ઘણીજ સરળતાથી—જાણે ઈંગ્રેજી ભાષા માતૃભાષા હોય તેમ વાતચિત કરતા હતા. આથી એ નામદારની કારકીર્દિમાં આવેલ તમામ વિદ્વાન દીવાનો ઘણાજ ચકિત્ થતા. એ નામદારના ઇંગ્રેજી હરફ (અક્ષર) વીષે, મુંબઇના પ્રજાપ્રિય માજી ગવરનર લૉર્ડ રે સાહેબે એક વખત જણાવ્યું હતું કે ‘તે

મુંબઇ ઇલાકાના રાજકર્ત્તાઓમાં ત્રીજે નંબરે આવે છે.' પોતાના રાજ્યમાં કેળવણી વધે તે માટે ઉત્સાહ ધરાવનાર આ માહારાજા સાહેબ જેવા રાજ્યકર્ત્તા જવલ્લેજ મળી આવશે. વીશેષ કરી સ્ત્રી કેળવણી વીષે આ નામદાર સંપૂર્ણ આગ્રહી હતા. કરસનદાસ મુલજી, નામદાર રાનાડે, નામદાર તેલંગ, કવિ દલપતરામ, કવિ નર્મદાશંકર ઇત્યાદિ આ ભૂમિના સુધારકો માટેની આ નામદારની વખતો વખત પ્રસંશા માટે તેમના અનુયાયી અને ઑફીસર મંડળમાં છુટતી વાગ્ધારા, એ નામદારના, દેશમાં ચાલતા કુચાલો પર સંપૂર્ણ ઇતરાજી બતાવતા હતા. શ્રી બડોદ્રી હિતેચ્છુ સભા, અને ઇડર હિતેચ્છુ સભાનો જન્મ થયો જાણી પોતે ઘણાજ પ્રસન્ન થયા હતા. આ સભાઓની ચડતી થવા માટે વખતો વખત જોઇતો આશ્રય માગવા તે સભાના ઑનરરી સેક્રેટરીઓને પોતે જણાવ્યું હતું. એક વખત ઇડર હિતેચ્છુ સભાના ઑ. સેક્રેટરી મી. જોગીદાસે અરજ કરી હતી કે 'વુડ હાઉસ લાઇબ્રેરીમાં સભામાં આવતા શ્રોતાજનો ઉભરાઇ જાય છે, ને જગ્યા મળતી નથી'. તે ઉપરથી નામદારશ્રીએ ફરમાવ્યું હતું કે 'બીજી જગ્યાની સવડ કરો, છેવટ હું મ્હારો જુવાન નિવાસ મહેલ સભાના મકાન માટે આપીશ, પણ સભાનો ઉત્સાહ જારી રહેવો જોઇએ.' તેવીજ રીતે બડોદ્રી હિતેચ્છુ સભાએ કરેલા શ્રીનારાયણેશ્વર મંડળના મહોત્સવમાં શ્રીમહાશિવરાત્રી પર્વપર પોતે ઘણાજ ઉત્સાહથી ભાગ લેવા, શ્રીનારાયણેશ્વર માહાદેવનાં દર્શન

માટે પધારતા હતા. એક વખતે તે મંડળને જોઇ, પોતાની પ્રજાને સુધરવાના ચિન્હથી આનંદિત ચહેરે જણાવ્યું હતું કે 'આ સમાજ (સભા) બપોરે ભરાય ત્યારે મ્હારાજ નામથી કહેશો કે તમારી ઉચ્ચ જ્ઞાતિમાંથી દરેક જુના બંધનકારક કુચાલો નાબુદ થએલા જોવા હું બહુ ઇન્તેજાર છું.' પોતાના સ્વર્ગવાસ પહેલાં થોડાજ વખત પર પોત પોતાના રાજ્યમાંથી કારજવરા, નાબુદ કરવાનો ધારો પસાર કર્યો હતો. પરંતુ પછી વિશેષ બૂમ પડવાથી, પ્રજા હજુ આવી રીતની રાજ્યની મદદથી પણ સુધરવાને લાયક થઇ નથી એવું ધારી તે ધારો મોકુફ રાખ્યો હતો. એ નામદારનો દૃઢ આગ્રહ એ હતો કે બ્રાહ્મણોમાં કન્યાવિક્રય અને સાટાં કરે તેને રાજ્યે શીક્ષા કરવી.

આ નામદાર માહારાજાના સ્વભાવમાં સર્વ ગુણોનું ન્યુંનાધીક મિશ્રણ એવી તરેહનું હતુ કે સૃષ્ટિમાં એમના જેવા રાજાઓ જવલ્લેજ હશે. તે સર્વમાં મીલનસારપણું સૌથી વધારે દ્રિષ્ટિ નીકળતું હતું. સર્વ સ્વદેશાભીમાનીઓ અને સુધારકોનાં પુસ્તકના વાંચનથી સ્વદેશ પ્રીતિનો ઘણો સરસ પાસ બેઠો હતો. ઉદારતામાં, દયામાં, ધર્મમાં, ક્ષમામાં, એમનાથી કવચિતજ કોઇ વધારે ઔદાર્યવાળો રાજા મળી આવશે. ઇશ્વર એ નામદારના પવિત્ર પુન્યશાળી આત્માને સાયુજ્ય મુક્તિ પદ આપો. એજ આ રાજભક્ત લેખકનો અંત: આશિર્વાદ છે !

કે. નામદાર માહારાજાશ્રી કેસરીસિંહજીનો વૈકુઠવાસ થયો તે વખતે પ્રજાએ ઘણોજ શોક પ્રદર્શિત કર્યો હતો. પુન્યશાળી પ્રજાપ્રીય રામરાજા જેવાનો વિયોગ થતાં ભાયાત, સરદાર, પટાવત, અધીકારીઓ અને પ્રજાજનો તેમનું અમર નામ રાખવા ઈન્તેજાર બની હતી. અને તે વખતના માજી દીવાન રા. બા. કલ્યાણરાય જેઠાભાઇ બક્ષીને તાત્કાલીક સભા ભરવાની વીનંતિ કરતાં સભા તુરત ભરવામાં આવી હતી. એ વખતે સર્વનો એટલો બધો ઉત્સાહ જોવામાં આવતો હતો કે તેમનું ચીરકાળ સ્મારક રાખવા તુરત ફંડ ઉભું કરવામાં આવ્યું હતું. તેમાં નાણાંની મોટી રકમો ભરાઈ ગઇ હતી. માહારાજાનું સ્મારક રાખવા મેકનાકટન હાઈસ્કુલ પાસે 'કેસરી બોર્ડીંગ' બાંધવા પાયો નંખાયો હતો. અને તે મકાન તૈયાર થતા તેને 'કેસરી બોર્ડીંગ' ના નામથી ઓપન કરી ખુલ્લું મુક્યું હતું આ કેસરી બોર્ડીંગમાં સ્ટેટના વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા આવે છે અને બોર્ડીંગનો લાભ લેઇ વિદ્યામાં કુશળ થાય છે. આ બોર્ડીંગને પ્રજાજનો યથાશક્તિ મદદ આપતા રહેશે તો ભવિષ્યમાં બોર્ડીંગ સારા પાયા ઉપર ચાલશે એવી આશા રહે છે.

ઇડરના કવિ નીલકંઠ જીવતરામે પોતાના 'કાવ્ય કમલાકર' નામના પુસ્તકમાં અન્નદાતાને આપેલો આશિર્વાદ.

अम ।ताको आशिर्वा -.

कवित.

विद्याको विलासी सुखरासी पुर वासिनको,
आदि शक्तिको उपासि आछि नीति धारिहे;
बांकुरो सो अरींनपें आंकुरो सदाइ रखें,
फांकुरो खलनकों दलन वारो भारि हें;
प्रबल प्रताप वर अंगमें अमाप सोहे,
संत मुनि सज्जनोकों सदा - खकारिह;
कहे नीलकंठ केसरी सो सत्य केसरीहे,
इडरगढमें आजु लख्यो अवतारि हे. ॥ १ ॥

दील दरिआव सद्भाव दया दानमें,
रुरी राजनीतिसुं प्रजाको नेक प्यारोहे;
कीरत सवाइ छाइ रहि राव राजनमें,
ग्यानी सनमानी सुख दानी मत वारोहे;
परम धरम के करम ज्युं करत नीत्य,
राठुर दिनेश जगतको उजिआरोहे;
कहे नीलकंठ गढ इडर अधीप [illegible],
ऐसो आशिर्वाद सदैव हमारोहे. ॥ २ ॥

ઇડરના હિંદિ ભાષાના કવિ મંગળજીએ પોતાના 'કેસરી વિરહ' નામના પુસ્તકમાં પ્રસિદ્ધ કરેલી કવિતામાંથી એક કવિત વાંચકોના આગળ રજુ કરૂં છું.

कवित.

आज अवनिपें अन्याय भयो अन्नदाता ।
हिंदवाढ देशको दिनेश ओक हरगो ॥
तुटी ध्वजा धर्मकी विछुटी मानसरकी पार ।
शीखर सुमेरु को गिरीन्द्र मौढ गीरगो ॥
मंगलके मालीकको माहिमा भू मंडलमें ।
पंछिन कवि पंडीतको भागवड परगो;
बइकुंठ वास भच्छ, कृष्णचंद्रज्यु के पास ।
कलप वृच्छ केसरि कमंध कुच करगो ॥

केक राज स्थानुमें घुमंड वडो बहादुरिको ।
कानु सुनि सिंध साजे हुकम अस्वारिको ॥
नाहर जगाय जाय घेरो चहुं और राखे ।
जोर[1] राखे लश्कर सहस्र[2] सहस्र[3] धारिको ॥
सावज सम देतो इकठे होय सुरविर ।
मंगल भनंत जुमे जायो पारवारिको ॥
केसरी कमंध ज्यु[4]को होतो सहेलको स्वभाव ।
सेरको सिकार स्हज हुकरा उपारिको ॥

આ રાજ્ય ભક્ત લેખકે પોતાના ‘કેસરી વિરહ’ પુસ્તકમાં રચેલી કવિતાઓમાંથી એક કવીતા અત્રે પ્રસીદ્ધ કરી છે.

---

૧ વાઘ. ૨ ચોતરફ લશ્કરનો જમાવ. ૩ ચોમેર. ૪ લડે.

રાગ ભરથરીનો.

ઉંધુ વળ્યું આજે ગાડલું, ઇડર દેશનું હાયજી,
તરફડતી દિન સૌ પ્રજા, લાગે અંતર લાયજી,
કયાંથી મળે કેસરીસીંહજી. ૧

કોઈ પોકારે ભૂપાળને, સંભાળી સદગુણજી,
કોઈ થયા નોંધારા અરે, પડયું કષ્ટ સંપૂર્ણજી;
ક્યાંથી૦ ૨

નીત્ય નીત્ય લાડ લડાવતા, કરતા પાલન નિત્યજી,
ન્યાય નીતિ રીતી સાચવી, રાખતા શુભ પ્રીતજી,
ક્યાંથી૦ ૩

દેવ સમાન છબી હતી, ઇશ્વરાંશી અવતારજી,
પુન્ય પ્રતાપી પુરા હતા, હતા શૂરા અપારજી;
ક્યાંથી૦ ૪

મળશે ચોમાસું, ઉનાળોને, મળશે શીઆળો સારજી,
પણ નહીં મળે સ્વામિ દેશનો, પડયું કષ્ટ અપારજી;
ક્યાંથી૦ ૫

આવશે હોળી ફાગણ વીશે, જે દીન રંગ રમાયજી,
ત્યાં હવે હોળી અંતર વીશે, શોકાગ્નીથી પ્રગટાયજી;
ક્યાંથી૦ ૬

ચૈત્રીદશરા પણ આવશે, થશે ક્યાંથી એ ઠાઠજી,
ક્ષત્રીપણું જ્યાં બતાવતા, ભણતા પૂજાને પાઠજી;
ક્યાંથી૦ ૭

ત્રીજ અખાની વૈશાખમાં, આવશે માહારાજજી,
કોણુ કંસુબો પાસે હવે, ત્રાસ થાય છે આજજી;
ક્યાંથી૦ ૮

જેઠે આવે જન્મગાંઠતો, થાય મ્હોત્સવ હર્ષજી,
ત્યાં હવે આંસુ પ્રવાહથી, જાશે આ દુઃખી વર્ષજી;
ક્યાંથી૦ ૯

પાટઓછવ તો અસાડમાં, ઠાઠમાઠથી થાયજી,
સેવક આવી તેનાતમાં, લાગતા પ્રીત્યે પાયજી;
ક્યાંથી૦ ૧૦

દેવ મંદીરજ દિપતાં, શ્રાવણ માસે મોઝારજી,
રાજા પ્રજા પ્રીતે ભક્તિમાં, દાખવતા પ્રીતિ પ્યારજી.
ક્યાંથી૦ ૧૧

ભાદરવો ગાજે ગગનમાં, છાજે વાદળ મેઘજી,
રાજા અગાસીએ ઉભા રહી, ધરતા હર્ષ અભેદજી;
ક્યાંથી૦ ૧૨

આસો માસે દિવાળી વીષે, ફેલાતો અતિ હર્ષજી,
પ્રેમ ઉછરતો પ્રજા વીષે, વ્હેતો પ્રીતે ઉત્કર્ષજી;
ક્યાંથી૦ ૧૩

ઇડરના યાદવ લક્ષ્મણસિંહ વરવાજીએ પોતાના ‘સૃષ્ટિ સૌંદર્ય’ નામના પુસ્તકમાં શ્રીજીની એક ગરબો પ્રસીદ્ધ કરેલ છે.

ગરબો.

સખિયો ચાલો સત્વર કેસરી નૃપ નિહાળીયેરે,
દર્શન સ્નેહ કરંતાં પામી સુધારસ આજ—
ધરિયે હોંશ નિરખતાં સ્વર્ગીય સમ સુખ માણીયેરે.
મુખ દૃષ્ટિમાં સ્મિત હાસ્ય પ્રકાશતુંરે,
જોઇ ઉરમાં ન સમાય સહિયર ! હર્ષ—ધરિયે.

સાખી—રસભરી મુખ કલાદેવની જાણે ઇન્દુ અપાર;
કરિયે પ્રેમે પાન રસ તોય ન આવે પાર.

એવા રણબંકા રાઠોડ અતિ શોહામણારે,
સુણીયે વચનામૃત ઉમંગે આપણ આજ—ધરિયે.

સાખી—દુર્લભ દર્શન દેવને એવા નટવરરાય,
દર્શન દાને મન હરે મૃદુતા છે મનમાંય.

એવા ચતુર શીરોમણી શ્રીમન્ જોધાણનાથ છેરે,
સદ્ વર્તનમાં અતિ પ્રિત એવી રીત—ધરિયે.

સાખી—ક્ષમા દાન ગુણવળી વિદ્યા એજ વિલાસ,
તન મન છે ધર્માર્પણ હૃદયે એજ ઉલ્લાસ.

નીતિ રીતિથી ભૂષિત અતિ પ્રેમાળ છે રે,
જેનું વદન કનક સમાન એવા રાય—ધરિયે.

સાખી—પરહિત અર્થે શ્રમ સહે વ્યય કરે સદા સ્વતન,
સુખ શાન્તિ પ્રસારવા નિશદિન કરે મનન.

નિરાશ ચિત્તના સ્વામિન્ અતિદયાળ છે રે,
કરે પુરણ સૌની આશા આપી પ્રદાન—ધરિયે.

સાખી—ક્ષત્રીય ધર્મ વિશિષ્ટ વળી દેવાંશી વીરરાય,
કૃત્ય કૃત્ય દર્શન થતાં દૃષ્ટા મન હર્ષાય—
સખિયો ચાલો.

' શ્રી વૈષ્ણુ ડાહીબા કૃતિ ' માંથી ઉતારો.

લલિત છંદ.

જગતના પતિ શું કીધી કૃતિ, અરર ! માહ્યરા શુ હર્યા પતી.
કઠણ કાળતું ક્રુર શું થયો, મુજ પ્રિયપતી ક્યાં લઇ ગયો;
અરર હે વીધિ અવળી તું થઇ,સુખ હર્યું બધું દુઃખ અતિદઇ,
પુરવ જન્મનાં પાપ આ ભવે, સખત શું નડયાં જે ન સંભવે;
પરમ પ્રેમની સબલ જોડીને, દુઃખ અતિ દીધું અરર તોડીને;
શુભ ઉપાસના કરી હતી અમે, નહિજરા લીધી લક્ષમાં તમે;
સખત કેર શું હે કર્યો પ્રભૂ , નહિં દયા જરા તે કરી વિભૂ ;
ભક્ત હતા ખરા તેથી તે ગ્રહ્યા, પણ આ નારીના શોકના લહ્યા
વિદ્દિન પત્નિનો પ્રેમતો હતો,નગમ્યું શું તને તેં કીધો જતો,
પતિ વિયોગથી પ્રાણ જાય છે, પતિ વિયોગથી શોક થાય છે,
પતિ વિયોગથી મરવું છે રૂડું, પતિ વિયોગથી જીવવું કુડું;
અરર હું હવે ક્યાં જઈ મળું, અરર હું હવે શી રીતે ટળું,
અરર શોકનો ગ્રાસ હું ગળું, અરર દુઃખ આ શી રીતે કળું;
પરમ પ્રેમની પુષ્પ અંજલિ, પરમ પ્રેમની સજડ મંડળી,
પરમ પ્રેમની સખત ગાંઠને, વિખેરી નાંખતાં ના દયા તને;
પ્રભુ પરાત્પરા સાહ્ય ના કરી, પ્રભૂ પરાત્પરા અરજ ના ધરી;
પ્રભુ પરાત્પરા ક્રૂર શું થયા, પ્રભૂ પરાત્પરા આવી ના દયા,
પતિ અતિ પ્રીતેમાનઆપતા,પતિ અતિપ્રીતેસ્નેહ સ્થાપતા;
પતિ અતિ પ્રીતે જ્ઞાન છાપતા,પતિ અતિ પ્રીતે દુઃખ કાપતા,
અરર ધન્ય છે તેજ નારીને, મરણ પામતી પતિં ઉગારીને,
અરર ધન્ય છે તે સુનારીને, પતિ ભક્તિમાં દેહ હારીને,
પ્રિય વિયોગથી ઝુરી હું મરૂં, અરર તે થકી આવી ંત્યાં ફરૂં,
જગતના પતિ જલદિ સાંભળો,વિનંતી ડાહીબાતણી ઉરેધરો

લી. આપનીજ પ્રેમભક્તિ,

તૃષાતુર ક્ષુદ્ર પત્નિ.

શિવ પ્રત્યે.

હૃદય રૂદન.

હરિગીત છંદ.

ગુર્જર ગીરામાં ક્ષત્રીકુળ શિરોમણી શિવસિંહજી,
ચણ્યો કીર્તિ કેરો કોટ જગતમાં પ્રેમથી આળસ તજી;
તે કોટ કેરાં કાંગરાં ભાનુ સમી દીપી રહ્યાં,
તે દેખતાં ખુશી તથાપિ વિયોગે દુઃખી થયાં;
ચહુઆણ કુળદિપક અરે અંધારૂ કીધું વિશ્વમાં,
શું અસ્ત કીધો પલકમાં નાંખી જનો દુઃખાબ્ધીમા;
જેમ પાર્વતિપર પ્રેમ શીવનો શાસ્ત્રમાં નીરધારીયો,
તેમ પ્રજાપ્રત્યે શિવસિંહનો પ્રેમ સકળ પ્રસારીયો;
જેમ સિંહ વનમાં ગર્જનાથી શીઆળો કંપાવતો,
તેમ સિંહ સમ શિવસિંહ શત્રુ હાકથી થંભાવતો;
તુજ મધુરતા તુજ સ્નેહને તુંજ જ્ઞાન ક્યાં જોવા મળે,
સુખ આપનારા કાપનારા દુઃખનાં તું કયાં મળે;
એકવાર પણ દેદાર તારાં દેખવાથી દુઃખ ટળે,
એકવાર તારા નમ્ર બોધે જન્મનાં પાપો ચળે;
ઇડર નરેન્દ્ર જોધાણશ્રી આ વિશ્વને ઝાંખું કરી,
દુઃખાબ્ધિમાં ડુબાવીને સ્વર્ગે ગયા પોતે તરી;
તું પુરા પ્રેમી કદરદાની રાયનો તું માનીતો,
તે સદા સ્નેહિને દયાળુનો હતો તુ જાણીતો:

જોધાણુશ્રીના સ્વર્ગવાસે કારી ઘા લાગ્યો ઉરે,
જોધાણુશ્રી પાછળ ગયો શું શિવસિંહ ત્વરા તુંરે;
કાં તો ગયો તું સ્નેહથી કાં તો બોલાવ્યો તેમણે,
કાં તો થયો તું તો અધીરો કાં ખુબી કરી એમણે;
બે એક સંપ થઇ કરો છો શું લીલા પ્રીય સ્વર્ગની,
ના આવે દયા હે પ્રભૂ પ્યારી પ્રજાના વર્ગની;
સો પ્યારી પ્રજાને વિસરી શિવસિંહથી બસ ગણ્યું,
ના ના હવે તો બસ થઇ જોધાણુ દુઃખ પડે ઘણું;
રામાવતાર ફરી થયો એમ પ્રજા સન્મુખ કહાવીને,
જોધાણુશ્રી સ્વર્ગે ગયા દુઃખ શીલાથી દબાવીને;
આ લોકમાં પણ સ્વર્ગનું સુખ સર્વને બક્ષાવીને,
અંતે દીધુ વિયોગનું દુઃખ સ્વર્ગમાંહી સીધાવીને;
સદગુણ અને નીતિ તમારી વારંવાર સંભાળતાં,
બાળકથી માંડી વૃદ્ધ નરનારી પશુ જળ સારતાં,
જોધાણુશ્રી ? હે દેવ રાજા એમ કહી પોકારતાં,
ભૂલી ગમે છે દુઃખ દમે છે સો પ્રજા દુઃખ ધારતાં;
પોઢયા જઇ રમલેશ્વરે ત્યાં ખોળતાં પણ ના જડો,
ક્યાં હશો વ્હાલા રાય વ્હારે રંકની જલદી ચડો;
પોકાર કરનારી પ્રજાને શાંત્વના આપો તમે,
ભૂલી પડેલીને હવે તો માર્ગ દેખાડો તમે;
શું સ્વર્ગમાં રહી ત્રાસ દેખી જરા શોક નથી થતો,
શું શિવસિંહ સલાહ તું પણ રાયને નથી આપતો;
હે શિવસિંહ તું સ્વર્ગમાં જઇ પ્રજા કાર્ય નહીં કરે,
જોધાણુશ્રી સંભાળ લેવા એકવાર પાછા નહી ફરે;

એ રાયના વિયોગથી સૌ પ્રજા પ્યારી ત્રાસતી,
તેમ શિવસિંહ સીધાવવાથી ભૂલી ભમતી ભાસતી;
ના ના ભૂલુ છું હું નથી અપરાધ એ શાણા તણો,
અપરાધ મુજ પ્રારબ્ધનો અપરાધ પુર્વે તણો ઘણો,
શીક્ષા કરી તેની પ્રભુએ ભોગવું હું આ ભવે,
શિવસિંહ શ્રી જોધાણુ આત્મા સદ્ગતિ પામો હવે;
હે દીનદયાળુ દીન તણી આ વિનય પૂર્વક વિનતિ,
રે શ્રવણ કરજો દુઃખ હરવા ધારી ઉરમાં સુમતિ;
આ 'ડાહીબા' સાગર વીશે ડુબી ગએલી ઝટતરે,
એવી કરો શુભ સહાયતા એ આશ અંતરમાં ધરે.

ડાહીબાનુ હૃદય રૂદન.
'વૈષ્ણવ ડાહીબા કૃતિ' ઉપરથી.

શિખરણી.

વયે જો કે છોટો, જરીયે નહિ તોટો મતિ તણો,
મુસદ્દામાં મોટો, કરણુ સમ દુઃખ ભંજન ઘણો;
ચણ્યા કીર્ત્તિ કોટો, ચર્ણો રહિ અને નિસરી ગયો,
મુડેટીનો મ્હોટો, નવલ ભુપ આ નષ્ટ થયો;
કર્યો જ્યાં દુષ્કાળે જુલમ વળી ભીલે ભુમી પરે,
ધસ્યો મોટી ફોળે, સુણી ભીલ સહુ થરથરે;
નિહાળી જેને હું, સુરજમલનું ધ્યાન ધરતો,
અરે હા ! તેને હું, નવ ક્યમ નિહાળુંજ ફરતો;
સલા'કારી સારા, ઇડર ભૂપના આપ નિવડયા,
સ્વદેશીમાં પ્યારા ! ઘટતિ ઘડીમાં પાચરી ચડ્યા;
રૂડી શાંતિથી આ, ઈડર ભૂમિમાં નોકરી કરી,
સમરૂ તેને આજે, સજળ નયને હું ફરી ફરી;

લીધી વિદ્યા સારી, બ્રિટિશ મહિ હોદ્દો શુભ મળ્યો,
ભુમીના વિસારી, ઈડર મહીં રે'વા થકી રળ્યો;
બહુ આ તોફાની, સમય મહીં તા'રા વિણુ બણું,
સ્વદેશાભિમાની ! શુરવીર ! હવે ક્યાં જઈ મળું;
સ્મરૂં સારી વાણી અમરૂત તણો કૂપ દીસતો,
ભરૂં નેત્રે પાણી, શીવસિંહજી ક્યાંઈ નથી છતો;
અરે ! એના ગુણો, મનુષ્ય મહીં હોતા નથી કદી,
પધારી કો'દેવે, કીધી અવનિમાં પાવન સદી;
ભુલાયે શી રીતે ! મૃદુ વિમળતા ભાવ ભુપતી,
ભુલાયે શી રીતે ! હૃદયથી કરેલી તુજ કૃતી;
વિનોદે વિતેલાં, વિવિધ વખતો કેમ વિસરે,
નહિ છાજે કો'દી, રૂડું રતન કો રંકજ કરે;
છબી ટાંગેલી તો, નીરખુ રડતો હું પળે પળે,
હવે જાઉં ક્યાં તો, શીવસિંહજીની મૂરતી મળે;
ભલા ભાળું ભૂપો, ભડવીર બડા બ્હાદુર તીખા,
નહીં ભાળું કોઇ સુરજમલના પૌત્ર સરીખા;
હવે અંધારામાં, વિરહ રજની ક્યાં પુરી થવી,
પ્રભાતે ક્યાં આવું, મુઝવણુ દીસે છે નવનવી;
નહીં ઘોરી રસ્તો, નહીં સડક કે રેલજ નથી,
મળીશું હે વ્હાલા ! મરણુ વખતે રે મથી મથી,

(કેસરી વીરહ ઉપરથી) દગ્ધ હૃદય.

ઉડણીના મરહુમ ઠાકોરશ્રી દલપતસિંહજીએ શ્રીના ગુણાવિદની કવિતાઓ બનાવી છે. તેમાંથી એક કવિતા અત્રે પ્રસિદ્ધ કરી છે.

રાગ જવાનપુરી. (ટોડી.)

નીઘા ભયી કેસરી નરેન્દ્રકી દુખદ્ર દાલીદ્ર સબ
દુર ભયો હે. (ટેક.)

સાચી સેવા ચિત શ્યામ સુંદીરકી,
નેમ સહિત નિત્ય હે નટવરકી; નીઘા૦

વૈષ્ણવ ધર્મ રખ્યો સત વરતી,
આપસેં ઉજવલ ભયી સબ ધરતી; નીઘા૦

નહિં હે કમી કછું યા ઘર ધનકી,
આશ પુરો રઘુવર ફરજનકી; નીઘા૦

દલપતસિંહ કહે આપહી દાતા,
લખી લેખ ખુશ ભયી હે બીધાતા; નીઘા૦

સવૈયો.

બંસ દિનેશ[૧] નરેશ સુ કેસરી,
થે કલીકલમેં કરન[૨] સમાનો;
મુખ મયંક[૩] મનોહર સુરત[૪],
સુ વેદ સંગીતન કો જીન જાનો;

---

૧ સૂર્ય. ૨ કરણુરાજા. ૩ ચંદ્ર. ૪ છબી.

જવાન કો નંદન અરી દલ ગંજન,
 ૫ ૬ ૭
નીતિકો ભૂષણ યે બુધ દાનો;
 ૮
સો ફાગુન માસ સતાવન સાલમેં,
સો સુરપુર મહિ જાહુ સમાનો.
 ૯

નગારચી મુલાજી ડુંગરજી કૃત, ઈડરના.

કવિત.

વિદ્યામાં બૃહસ્પતિ રાજનીતિમાં ચાણાક્ય,
વક્તા વ્યાસ મુનિ શુકદેવ સમ ત્યાગમાં;
તન તાપ બુજાવિને શિતળતા કરનારો,
ચંદ્રની સમાન એ ગણાયો મહા ભાગ્યમાં;
અજ્ઞાન અંધારૂ હણી સુ પ્રકાશ આપનારો,
સૂર્યની સમાન તેજ ધારી અનુરાગમાં;
હા! હા! એવો દેવ રૂપ કેસરી કમધ્વજ રાજા,
જાતાં પરલોકે સહુ ઉદાગ્રી અથાગમાં;

ઇડરના-કવિ નિલકંઠ જીવતરામના ઉદ્‌ગારો.

ગરબી.×

હે! આરાસુરિ અંબિકા માતા,
ધુરંધર વિશ્વ તણી દાતા; આરાસુરિ૰
માજી તારે દરશન સૌ આવે,
ભાદરવે સંઘ અતિ ભાવે,
નાચ નિત્ય નવલેશ થાયે; આરાસુરિ૰

૫ જવાનસિંહ ૬ પુત્ર. ૭ શત્રુ ૮ બુદ્ધિવાન. ૯ ઈંદ્રલોક.

ચુવાળમાં બેચર છે બાળી,
ગરબે રમે છે દેઇ તાળી,
તેના ભેગી પાવાગઢ વાળી; આરાસુરિ૦

તળસુરી વડે દૈત્યોને માર્યા,
સેવક સંકટમાંથી ઉગાર્યો,
સેવક જનાના કારજડા સાર્યા; આરાસુરિ૦

કેસરીસિંહજી કર જોડી ગાવે,
માણેક મોતીડેથી વધાવે;
પુરણ આશા દર્શન નિત્ય પાવે; આરાસુરિ૦

ગરબી*

કેસરીસિંહજી ક્રોડ જુગ જીવો,
દીપેરે દસુથ દેશ તણો દીવો; કેસરીસિંહજી.

મારારાજા મુલક તણી માઝા,
તપો જોધાણુ ધણી તાજા,
રસિલા છો ઈડરગઢ રાજા; કેસરીસિંહજી.

પ્રજાને તો પ્રાણ થકી પ્યારા,
ધુરંધર ધર્મ તણી ધારા,
શ્રીજી છો સરસ ગુણી સારા; કેસરીસિંહજી.

× આ ગરબી નોરાત્રીના ગરબામાં બાળાઓ હંમેશાં ગાય છે.

* રાજકવિ દોલતરામ મંગળજીની બનાવેલી.

આ ગરબી નોરાત્રીના ગરબામાં બાળાઓ હમેશાં ગાય છે.

લાયક જ્યમ ઇંદ્ર રહ્યા લુંબી,
દુરીજન દેખી ગયા ડુબી,
આવિંદની ઝલક કરે ખુબી; કેસરીસિંહજી.

ચતુર કવિ ચડતી કળા ચાહતા,
દોલત કહે વિદ્યા તણા દાતા,
અંમર રાખો અંબાજી માતા; કેસરીસિંહજી,

રાગ—કાલાંગડો,*

શ્વામ સુંદીરને રે સેવો,
ઇશ્વર આ જુગમાં કોણ એવો; શ્યામ સુંદીર.

કેસરીસિંહ માહારાજા ધીરાજા,
છો ગુણ નામી ગરીબ નીવાજા; શ્યામ સુંદીર.

સુરજવંશી છો રે સતીઆ,
ગુણવંત ઇડર તણા ગઢ પતીયા; શ્યામ સુંદીર.

છત્રપતિ છમ્મર રે છાજે,
બત્રીસ લક્ષણ અંગે વિરાજે; શ્યામ સુંદીર.

સતયુગ વર્તાવ્યો છે સાચો,
રાત દિવસ રૈયતને મન રાચો; શ્યામ સુંદીર.

મલશે મન વાંછિત ફલ મેવા,
ફલશે શ્રી મહાપ્રભુજીની સેવા; શ્યામ સુંદીર.

ગુણીજન મંગળજી ગુણ ગાવે,
પારસ પીરસી કંચન પાવે; શ્યામ સુંદીર.

---

* રાજકવિ મંગળજીની બનાવેલી.

લોકગીત.*

પીતળ લોટા જળ ભર્યા રે,
દાતણુ કોળતા પધારો રે
કેસર મારૂ ઓછી ઉમર જશ લેઇ પોઢયા રે;
ત્રાંબા કુડીયો જળ ભરી રે,
ઝીલણુ ઝીલતા પધારો રે. કેસર મારૂ.
સેવ સુહાળી લાવશી રે,
ભોજન કરતા પધારો રે. કેસર મારૂ.
લવીંગ સોપારી એલચી રે,
મુખવાસ કરતા પધારો રે. કેસર મારૂં.
સાગ સીસમનો ઢાલીયો રે,
પોઢણુ પોઢતા જાવ રે. કેસર મારૂ.
રાણીઓ રૂવે રંગ મહેલમાં રે,
દાસીઓ રૂવે દરબાર રે. કેસર મારૂ.
પોપટ ઝુરે પાંજરે રે,
મેંના ઝુરે મેવાડ રે. કેસર મારૂ.
હાથી ઝુરે શ્રીનાથજી રે,
ઘોડા ઝુરે ઘોડાર રે. કેસર મારૂ.
હાટે રૂવે હાટ વાણીયા રે,
ચોરે રૂવે ચારણુ ભાટ રે. કેસર મારૂ.
દાતણુ કરશું વાડીયે રે,
ફરતી રમલેશ્વરની પાળ રે. કેસર મારૂ.

સમાપ્ત.

---

* આ લોકગીત નોરાત્રીના ગરબામાં ગવાય છે.